જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૨૫-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ચાર સ્થળો પર સીબીઆઈના દરોડા

ICICI બેન્ક-વિડિયોકોન લોન કેસમાં ચંદા કોચર સામે સીબીઆઈએ નોંધી FIR

મુંબઈ

સીબીઆઈએ આઈસીઆઈસીઆઈના પૂર્વ સીઈઓ ચંદા કોચરના કેસમાં એફઆઈઆર દાખલ કરી છે. મુંબઈ અને મહારાષ્ટ્રની વિવિધ ચાર જગ્યાઓ પર સીબીઆઈના દરોડા ચાલી રહ્યા છે. આ જ ક્રમમાં સીબીઆઈએ વિડિયોકોનના નરિમન પોઈન્ટ સ્થિત મુખ્યાલય પર પણ દરોડા પાડ્યા છે. સીબીઆઈ આ દરોડામાં વીડિયોકોન ગ્રૂપને ૨૦૧૨માં આઈસીઆઈસીઆઈ બેંક પાસેથી મળેલી ૩,૨૫૦ કરોડની લોનના મામલે સીબીઆઈએ દરોડાની કાર્યવાહી હાથ ધરી છે. આઈસીઆઈસીઆઈના સીઈઓ ચંદા કોચરની મુશ્કેલીમાં વધારો થયો છે. સીબીઆઈના સૂત્રોના જણાવ્યા મુજબ સીબીઆઈ આ દરોડા મહારાષ્ટ્રના મુંબઈમાં આવેલા ચાર સ્થળોએ દરોડા પાડી રહી છે. તેમના પતિ દીપક કોચર સાથે જોડાયેલી લોન મામલે મુંબઈ - ઔરંગાબાદમાં વિડિયોકોનના મુખ્યાલયો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. અગાઉ ચંદા કોચરે ૪ ઓકટોબર-૧૮માં



પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. બેંકના બોર્ડે તેમના કાર્યકાળ સમાપ્ત થયા પહેલા જ પદ છોડવાની માંગને સ્વીકારીને તેમની જગ્યાએ સંદિપ બક્ષીને નવા મેનેજિંગ ડાયરેકટર અને ચીફ એકઝુકયુટિવ ઓફિસર બનાવ્યા હતા.આ સમગ્ર મામલો વિડિયોકોન ગ્રુપ દ્વારા ૨૦૧૨માં આઈસીઆઈસીઆઈ બેંક પાસેથી ૩,૨૫૦ કરોડ રૂપિયાની લોનનો છે. આ લોન કુલ ૪૦ હજાર કરોડ રૂપિયાનો ભાગ છે જેમાં વિડિયોકોન ગ્રુપ દ્વારા એસબીઆઈના નેતૃત્વમાં ૨૦ બેંકો પાસેથી લેવામાં આવી હતી. વિડિયોકોન ગ્રુપના ચેરમેન વેણુગોપાલ ધૂત પર આરોપ છે કે, તેમણે ૨૦૧૦માં ૬૪ કરોડ રૂપિયા એનયુપાવર રીન્યુએબલ્સ લિમિટેડ (એનઆરપીએલ) આપ્યા હતા. આ કંપની ધૂત, દિપક કોચર અને બીજા બે અન્ય સંબંધીઓ દ્વારા સ્થાપવામાં આવી હતી. એવા પર આરોપ છે કે, ચંદા કોચરના પતિ દીપક કોચર સહિત તેમના પરિવારના સભ્યોને લોન મેળવનારાઓ તરફથી નાણાંકીય લાભ આપવામાં આવ્યા છે.

માત્ર ૨૪ દિવસમાં સીઆઈડી ક્રાઈમે ઉકેલ્યો હત્યાનો ભેદ નાખ્યો, બે હત્યારાની ધરપકડ

જયંતિ ભાનુશાળીની હત્યામાં છબીલ પટેલ-મનીષા ગોસ્વામીનો હાથ

ગાંધીનગર

થોડા સમય પહેલા થયેલી જયંતી ભાનુશાળીની સયાજી એક્સપ્રેસમાં પોઈન્ટ બ્લેક રેન્જથી ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. ત્યારે એડીજીપી અજય તોમરે ભાનુશાળીની હત્યા અંગે પત્રકાર પરિષદમાં ખુલાસો કર્યો છે. ભાજપના નેતા જયંતી ભાનુશાળી હત્યા કેસમાં છબીલ પટેલ અને મનીષા ગોસ્વામી જવાબદાર હોવાનો ઘટસ્ફોટ સીઆઈડી ક્રાઈમે કર્યો છે. આ હત્યા કેસમાં ૨ આરોપી- નીતિન પટેલ અને વસંત પટેલની પોલીસે ધરપકડ કરી છે. જો કે આ કેસમાં મુખ્ય શાર્પશૂટર સુરજીત ભાઉ હજુ પોલીસ પકડથી દૂર છે. સીઆઈડી ક્રાઈમે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે કચ્છ સ્થિત છબીલ પટેલના ફાર્મહાઉસમાં ૨૫ ડિસેમ્બરે ૨ શાર્પશૂટર આવ્યા હતા અને ત્યાં જ મર્ડરનું કાવતરું ઘડાયું હતું.

ભારે ચર્ચાસ્પદ જયંતિ ભાનુશાળી હત્યા કેસનો ૨૪મા દિવસે પોલીસે ભેદ ઉકેલી નાખ્યો . આ ઘટનામાં છબીલ પટેલ અને મનીષા ગોસ્વામીનું નામ બહાર આવ્યું છે. મનીષા ગોસ્વામી વિરુદ્ધ નરોડા પોલિસ સ્ટેશનમાં સુનીલ ભાનુશાળીને ભત્રીજાએ ફરિયાદ નોંધાવી હતી. મનીષા ગોસ્વામીના ભત્રીજાની ફરિયાદના આધારે મનીષા ગોસ્વામીને થોડા દિવસ પોલીસ કસ્ટડીમાં પણ રાખવામાં આવી હતી.

જયંતી ભાનુશાળીને કચ્છમાં છબીલ પટેલસાથે પણ રાજકીય મનદુખ હતું. જયંતી ભાનુશાળીની હત્યા માટે બહારથી હત્યારા બોલાવવામાં આવ્યા હતા. હત્યાર આવ્યા ત્યારે મનીષા ગોસ્વામી તેમની વ્યવસ્થા કરવા માટે કચ્છમાં જ રોકાઈ હતી, જ્યારે છબીલ પટેલ ભારત છોડીને વિદેશ ભાગી ગયા હતા.

પોલિસે જણાવ્યું કે, જયંતી ભાનુશાળીની હત્યાનું કાવતરું છબીલ પટેલ અને મનીષા ગોસ્વામીએ ભેગા મળીને રચ્યું હતું. આ બંને ભાનુશાળીની હત્યાના મુખ્ય આરોપી છે, પરંતુ અત્યારે બંને પોલીસની પકડથી દૂર છે. છબીલ પટેલને વિદેશથી પકડી લાવવા માટે પોલિસ ઈન્ટરપોલની મદદ પણ લઈ શકે છે.

સમગ્ર કેસની તપાસ દરમિયાન પોલીસે છબિલ પટેલના રેલડી ખાતે આવેલા નારાયણ ફાર્મ હાઉસમાં દરોડા પાડી બે આરોપી નીતિન પટેલ અને રાહુલ જયંતિ પટેલની ધરપકડ કરી હતી. બાદમાં બંને આરોપીની સઘન પૂછપરછ કરી હતી. આ આરોપીઓએ પૂછપરછમાં સમગ્ર હત્યાકાંડ અંગે પોલીસને માહિતી આપી હતી. જેમાં જણાવ્યું કે મનિષા ગોસ્વામીને જેલમાંથી બહાર કાઢવા માટે છબિલ પટેલ અને શુરજીત પરદેશી ભાવુએ મદદ કરી હતી. ત્યારબાદ મનિષા અને છબિલ પટેલે જયંતિ ભાનુશાળીની હત્યાનું પ્લાનિંગ કર્યું હતું.

બેથી વધારે બાળકો ધરાવતા લોકોનો મતાધિકાર છીનવી લોઃ બાબા રામદેવ

અલીગઢ

યોગ શિક્ષક બાબા રામદેવ માને છે કે ૧૦૦ કરોડ કરતા વધારે વસતી ધરાવતા ભારત દેશની પ્રાથમિકતા વસતી વધારા પર નિયંત્રણની હોવી જોઈએ. બુધવારે અલીગઢ ખાતે એક ભાષણમાં બાબાએ જણાવ્યું હતું કે, સરકારે એકથી વધારે બાળકો ધરાવતા લોકોનો મતાધિકાર છીનવી લેવો જોઈએ.

દેશની વસતી પર નિયંત્રણ માટે સરકારે બેથી વધારે જન્મ આપતા લોકોનો મતાધિકાર, નોકરી અને સ્વાસ્થ્યની સગવડતા બંધ કરી દેવી જોઈએ, પછી તે હિન્દુ હોય કે મુસ્લિમ. દેશની વસતી પણ નિયંત્રણ મૂકવા માટે આ જ ઉત્તમ રસ્તો છે.

જોકે, આવું પ્રથમ વખત નથી બન્યું જ્યારે બાબા રામદેવે આવું નિવેદન આપ્યું હોય. ગયા વર્ષે તેમણે આનાથી પણ વધારે આક્રમક નિવેદન કરતા કહ્યુ હતુ કે જે લોકોને બે કરતા વધારે બાળકો છે તેમને સરકારી સ્કૂલોમાં પ્રવેશ આપવો જોઈએ નહીં. એટલું જ નહીં તેમને સરકારી નોકરી અને સરકારી હોસ્પિટલોમાં સારવાર પણ ન આપવી જોઈએ. પર વર્ષીય બાબાએ વધુમાં કહ્યુ હતુ કે, મારા જેવા લોકો કે જેમણે લગ્ન નથી કર્યાં તેમને ખાસ સન્માન મળવું જોઈએ. મારે સામાનના થેલા લઈને જવું નથી પડતું. મેં એક બ્રાન્ડ બનાવી છે. હું આવી જ બીજી ૧૦૦૦ બ્રાન્ડ બનાવવા માંગું છું, જે ભારતને ૨૦૫૦ સુધી દુનિયાની સૌથી મોટી ઈકોનોમી બનાવશે.× રામદેવે પતંજલિ બ્રાન્ડની સફળતા પાછળ પોતે અપરિણીત હોવાનું જણાવ્યું હતું.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, નાળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, બ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરો)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને માતુ સહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી, ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને સેકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનજાગૃત્તિ કરી જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જાણ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને અપાવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રકતદાન, આંખોનું દાન, અંગદાન વિગે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજનાં ભાઇબહેન અને વિકલાંગોનાં વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ પ્રદુષણ જાગૃત્તિ અને પર્યાવરણની જાગૃત્તિ કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

MARKET4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

CONNECTINDIANSમાં જોડાવું સરળ છે.

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-

માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોક મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

આજથી સુરતમાં પશ્ચિમ ભારતનું સૌથી મોટું ઈન્ટરનેશનલ ઓટો પ્રદર્શન

સરસાણા કન્વેન્શન સેન્ટરમાં ત્રિદિવસીય ઓટો એક્સ્પો

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર અને ઉદ્યોગ કમિશનર, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે યોજાતા ઔદ્યોગિક પ્રદર્શનોની વિવિધ શ્રેણીઓ વચ્ચે ઓટો એક્સ્પો શ્રેણીના પાંચમાં પ્રદર્શન સુરત ઈન્ટરનેશનલ ઓટો એક્સ્પો-૨૦૧૯નું આયોજન તા.૨૫-૧-૨૦૧૯ થી તા.૨૮-૧-૨૦૧૯ દરમિયાન સુરત ઈન્ટરનેશનલ એક્ઝીબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા ખાતે કરવામાં આવ્યું છે.

ચેમ્બરના પ્રમુખ હેતલ મહેતાએ જણાવ્યું હતું કે, ગુજરાત જયારે ઓટો મોબાઈલ ઈન્ડસ્ટ્રીના હબ તરીકે પ્રસ્થાપિત થઈ રહ્યું છે. ત્યારે રાજ્યમાં યોજાનારા આ માગે ઓટોમોટીવ શોમાં દેશની અગ્રણ્ય ઓટો કંપનીઓ પોતાના ઉત્પાદનો જેવા કે કાર, ટુ વ્હીલર્સ, કોમર્શિયલ વ્હીકલ્સ, ઓટો એસેસરીઝ, સ્પેર પાર્ટસ તથા વર્કશોપને લગતી મશીનરી અને ટુલ્સ પ્રદર્શિત કરવામાં આવશે. આ પ્રદર્શન પશ્ચિમ ભારતનું સૌથી મોટું એક્ઝીબિશન બનનાર છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, સુરતમાં યોજાનારા ઓટો ઈન્ટરનેશનલ એક્સ્પોને દર વખતે જબરજસ્ત પ્રતિસાદ મળે છે. ભારતમાં દિલ્હી બાદ સુરતમાં બીજા ક્રમે ઓટો ઈન્ટરનેશનલ એક્સ્પોનું ભવ્ય પ્રદર્શન યોજાય છે. આ વખતે પણ આ પ્રદર્શનમાં મોટાભાગની દરેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઓટો કંપનીઓએ ભાગ લીધો છે.

ચેમ્બરના એક્ઝીબિશન સેલના હેડ દેવેશ પટેલે જણાવ્યું હતું કે શુક્રવારે, ૨૫મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝીબિશન એન્ડ કન્વેન્શન સેન્ટરમાં ઉદ્ઘાટન સમારોહ યોજાશે. જેમાં અતિથિ વિશેષ તરીકે નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના ઝોનલ જનરલ મેનેજર પી.કે.ઝા તથા માનનીય સાંસદ સી.આર. પાટીલ અને દર્શનાબેન જરદોશ તેમજ કામરેજના વિન્ટેજ કારના પ્રિઝર્વર એન્ડ કન્ઝર્વેટર કે.કે. પટેલ અને યસ બેંકના એક્ઝીક્યુટીવ વાઈસ પ્રેસીડેન્ટ ખુશરો અંકલેશ્વરીયા ઉપસ્થિત રહેનાર છે.

ડો. કે એમ રાણાની જામનગર લોકસભાના સહપ્રભારી તરીકે નિમણૂક



ડો. કે એમ રાણાની પાર્ટી પ્રત્યેની નિષ્ઠા અને વફાદારીની કદર કરી માન. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવજી તથા ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ ૧૨ જામનગર લોકસભાના સહપ્રભારી તરીકે તરીકે નિમણૂક કરવા બદલ હાર્દિક અભિનંદન.

મોરબીમાં વિકાસકાર્યોમાં ભ્રષ્ટાચારની ફરિયાદ બાદ તપાસનો ધમધમાટ

મોરબી શહેરમાં નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ રોડ રસ્તા, શૌચાલય સહિતના કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોય તેવી ફરિયાદ બાદ આજે ગાંધીધામના ચીફ ઓફિસર મોરબીના વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી અને પ્રાથમિક તપાસ આદરી હતી

મોરબી નગરપાલિકા દ્વારા બનેલ વિવિધ વિસ્તારના રોડ રસ્તાઓ ઉપરાંત ટાઉન હોલ અને શૌચાલય સહિતના કામોમાં ખાયકી થઈ હોય અને નબળી ગુણવત્તાના કામ કરીને ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોય તેવી ફરિયાદ ઉઠી હતી અને જાગૃત નાગરિકે કરેલી ફરિયાદને પ્રાદેશિક કમિશ્નરે ગંભીરતાથી લીધી હતી અને આજે ગાંધીધામના ચીફ ઓફિસર નીતિન બોડા મોરબી પહોંચ્યા હતા જ્યાં પાલિકા પાસેથી હિસાબી સાહિત્યો તપાસવામાં આવ્યા હતા અને તે ઉપરાંત વિવિધ સ્થળની રૂબરૂ મુલાકાત કરી હતી અને વિવિધ કામોની ગુણવત્તાની ચકાસણી કરી હતી આજે પ્રાથમિક તપાસ કરી હોવાનું ગાંધીધામના ચીફ ઓફિસરે જણાવ્યું હતું અને તપાસનો અહેવાલ પ્રાદેશિક કમિશ્નરને સોપાશે તેવી માહિતી પ્રાપ્ત થઈ છે.

રાજ્યભરમાં આરોગ્ય કર્મચારીઓનુ વિરોધ પ્રદર્શન ચોથા દિવસે પણ યથાવત

રાણપુરમાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા બ્લેક રીબીન લગાડી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ: સરકાર દ્વારા કોઈ નિર્ણય નહી આવે તો આગામી સમયમાં માસ સી.એલ.પર જવાની ચિમકી ઉચ્ચારી



રાજ્યમાં પંચાયત સેવા હેઠળના જુદી જુદી કેડરના વિવિધ કર્મચારીઓની વર્ષો જુની પડતર માંગણીઓ અંગે સરકાર દ્વારા કોઈ હકારાત્મક નિર્ણય ન આવતા બોટાદ જીલ્લાના રાણપુર ખાતે બ્લેક રીબીન લગાડીને આરોગ્ય કર્મચારી દ્વારા સતત ચોથા દિવસે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સબસેન્ટર ખાતે ફરજ બજાવતા મ.પ.હે.વ. તથા ફી.હે.વ.ખુબજ ઠંડી,ઉનાળાની ગરમી તથા વરસાદ જેવી ભયંકર પરિસ્થીતી વચ્ચે છેવાડાના ગરીબ નાગરીકના ઘરે ઘરે જઈને આરોગ્ય સેવાઓ તથા સરકાર ની યોજના નો પ્રચાર કરી આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડે છે તેમ છતા તેઓને પગાર વિસંગતતા ના કારણે ખુબજ ઓછો પગાર પ્રાપ્ત થાય છે આમ પગાર વિસંગતતા તેમજ ગ્રેડ-પ અને અન્ય પડતર માંગણી અંગે સરકાર દ્વારા કોઈ નિર્ણય નહી આવે તો આગામી તારીખ-૬.૨.૨૦૧૯ના રોજ રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા જે આદેશ કરવામાં આવેલ છે તે મુજબ દરેક કર્મચારી માસ સી.એલ.પર જશે.

H1N1 વેક્સીન ખૂટી ગઈ: સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ

રાજ્ય સ્વાઈન ફ્લુનાં ભરડામાં, વધુ ૩નો ભોગ લીધો

૨૪ દિવસમાં ૧૫ના મોત, સિવિલ અને ખાનગી હોસ્પિટલમાં ૩૨ દર્દીઓ સારવારમાં

રાજકોટ-જૂનાગઢ-ભાવનગર

રાજકોટમાં સ્વાઇન ફ્લુને લઈ ગુરૂવારે વધુ ત્રણના મોત થયા છે. ૨૦૧૯ના વર્ષમાં ૨૪ દિવસમાં ૧૫ દર્દીઓ મોતને ભેટતા તંત્ર દોડતું થયું છે. ગુરૂવારે રાજકોટ, ભાવનગર અને જૂનાગઢના ત્રણ વૃદ્ધના સારવાર દરમિયાન રાજકોટમાં મોત નીપજ્યા હતા.

બે દિવસ પહેલા એક જ દિવસમા ત્રણના મોત થયા હતા. ત્યારબાદ ગઈકાલે એકનું મોત થયું હતું. આજે એકીસાથે ત્રણ દર્દીના મોત થતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. ૨૪ દિવસમા કુલ ૭૫ કેસ પોઝિટીવ નોધાયા છે. આજે પણ રાજકોટ સિવિલ અને ખાનગી હોસ્પિટલમાં ૩૨ દર્દીઓ સારવાર લઇ રહ્યાં છે. મહાનગરપાલિકા અને જિલ્લાનું આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયું છે. સૌરાષ્ટ્રભરમાંથી સ્વાઇન ફ્લુના દર્દીઓ રાજકોટ સારવાર માટે આવતા હોવાથી અહીં મૃત્યુદરના આંકડામાં વધારો જોવા મળી રહ્યો છે તેવું તંત્ર જણાવી રહ્યું છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ મનિષ મહેતાએ જણાવ્યું હતું કે, એચ૧એન૧ વેક્સીન ખૂટી ગઈ છે. સ્વાઇન ફ્લુ વોર્ડમાં કામ કરતા કર્મચારીઓને આ વેક્સીન અપાય છે જે ખૂટી ગઈ છે. આ વેક્સીનથી કર્મચારીઓને સ્વાઇન ફ્લુ સામે રક્ષણ મળે છે. દેશની એક પણ હોસ્પિટલમાં આ પ્રકારની વેક્સીન નથી. વેક્સીનનું ઉત્પાદન કરતી કંપનીએ વેક્સીન આપવાનું બંધ કર્યું છે.

સ્વાઈન ફ્લૂ રોગચાળો ગરીબોનો ભોગ લઇ રહ્યો છે. પૈસાદાર મોંઘી હોસ્પિટલમાં સારી સારવાર સામનો કરે છે પણ ગરીબ સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડે છે. સ્વાઈન ફ્લૂ જીવલેણ રોગ છે અને છેલ્લા કેટલાય વર્ષથી ગુજરાતમાં રોગ ફેલાયો છે. છતાં સરકારી તંત્ર સ્વાઈન ફ્લુને ડામવા નિષ્ફળ નીવડી છે.

છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં સ્વાઈન ફ્લૂથી ૧૮૦ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. સ્વાઈન ફ્લુમાં જીવ ગુમાવનાર મોટા ભાગના દર્દી ગરીબ હતા. જે ખાનગી હોસ્પિટલમાં સારવાર ન લઈ શકાય અને સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા હતા.

સ્વાઈન ફ્લૂ હવે સીઝનલ ફ્લૂ બની ગયો છે. જેથી ગુજરાતમાં માત્ર ઠંડીમાં જ નહીં પણ ગરમી અને વરસાદની સીઝનમાં પણ રોગ જોવા મળે છે. સરકારી આરોગ્ય વિભાગ આ રોગને ડામવા માટે કોઈ નક્કર કામગીરી ન કરવાથી જાન્યુઆરીમાં અમદાવાદ શહેરમાં બે લોકોના સ્વાઈન ફ્લૂથી મોત નિપજયા હતા.

અમદાવાદમાં સિવિલ, સોલા સિવિલ, વીએસ હોસ્પિટલ અને એલજી હોસ્પિટલમાં સ્વાઈન ફ્લૂની સારવાર માટે અલગ વોર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. જો કે વોર્ડ પ્રમાણે ડોક્ટરની સ્ટાફનો અભાવ હોવાથી દર્દીને સમયસર સારવાર મળતી નથી. સ્વાઈન ફ્લૂની જાગૃકતા કેળવવામાં સરકાર આરોગ્ય વિભાગ નિષ્ફળ નીવડ્યું છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સ્વાઈન ફ્લૂ રોગનું નિદાન કે ટેસ્ટ કરવામાં આવે તો દર્દીને સ્વાઈન ફ્લૂના પ્રથમ સ્ટેજમાં જ સારવાર મળી રહે અને તે જીવ બચી શકે છે. જોકે આપણા આરોગ્ય કેન્દ્રમાં સુવિધા ન હોવાથી સ્વાઈન ફ્લૂથી લોકો જીવ ગુમાવી રહ્યા છે. ૨૦૧૮માં સપ્ટેમ્બર અને ઓક્ટોમ્બેર મહિનામાં સૌથી વધુ કેસ નોંધાયા છે.

છેલ્લા બે વર્ષમાં સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામાં સૌથી વધુ કેસ નોંધાયા છે. ૨૦૧૮ના સપ્ટેમ્બર માસમાં સ્વાઈન ફ્લૂના ૩૨૨ કેસ નોંધાયા હતા. જેમાં ૨૨ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ જ રીતે ૨૦૧૭ના સપ્ટેમ્બર માસમાં ૭૫૬ કેસ નોંધાયા હતા. જેમાં ૪૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ૨૦૧૮ના ઓક્ટોબર માસમાં સ્વાઈન ફ્લૂના ૩૬૬ કેસ નોંધાયા હતા. જેમાં ૨ લોકોના મોત થયા છે. ૨૦૧૭ની વાત કરીએ તો સૌથી વધુ સ્વાઈન ફ્લૂના ઓગસ્ટ મહિનામાં કેસ નોંધાયા હતા. ઓગસ્ટ મહિનામાં ૧૭૧૧ કેસ નોંધાયા હતા જેમાં ૭૨ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ગુજરાતમાં અમદાવાદ શહેરમાં સ્વાઈન ફ્લૂ રોગના સૌથી વધુ કેસ ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓક્ટોબર માસમાં નોંધાયા છે.

વડોદરા જેતલપુર રોડ પરના મહાદેવ મંદિરની દાન પેટીનું તાળું તોડી થઈ ચોરી



વડોદરાના જેતલપુર રોડ પર આવેલા ૧૭૨ વર્ષ જૂના કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાં આજે વહેલી સવારે દાનપેટીનું તાળું તોડી તસ્કરો ચોરી કરી પલાયન થઈ ગયા હતા ત્યારે મંદિરના પૂજારી દીપકભાઈ મંદિરમાં આવતાજ એમનું ધ્યાન દાનપેટી પર જતા એ ચોકી ઉઠ્યા હતા કેમકે દાનપેટીનું તાળું તૂટેલું હતું ત્યારબાદ ખબર પડી કે કોઈ ચોર તાળું તોડી ચોરી કરી ફરાર થઈ ગયું છે જોકે આ મંદિરમાં પ્રાથમિક સુવિધાનો અભાવ હોય તસ્કરો પોતાનો હાથ સાફ કરી ગયા હતા આ વાત વાયુવેગે સ્થાનિકોમાં ફેલાતા કોને ચોરી કરી શું ગયું એ તમામ બાબતે ચર્ચા શરૂ થઈ હતી.

ડૂપ્લીકેટ જન્મ-મરણના દાખલાથી સરકારી સહાયનું મસમોટું કૌભાંડ ઝડપાયું

ભાવનગર

ભાવનગર શહેરમાં ડૂપ્લીકેટ જન્મ-મરણના દાખલા કાઢી આપવાનું મોટું કૌભાંડ ચાલી રહ્યુ છે, જેના પર કોઈ રોક લાગતી નથી. હવે વધુ ત્રણ જન્મના બોગસ દાખલાઓ હોવાનો કિસ્સો પ્રકાશમા આવતા તપાસના ચક્રોગતિમાન થયા છે. ભાવનગર શહેરના વિદ્યાનગર ખાતે સિટી મામલતદાર કચેરી ખાતે એક વૃધ્ધા નિરાધારની સહાય માટે આવ્યા હતા, જેઓએ હાથ લિખિત ત્રણ જન્મના દાખલાઓ રજુ કર્યા હતા, જેની કચેરીના સ્ટાફ દ્વારા ચેક કરવામાં આવતા આ દાખલાઓ ડુપ્લીકેટ હોવાનું બહાર આવ્યુ હતું.

દરમિયાનમાં આ ત્રણેય દાખલા મામલતદાર કચેરી દ્વારા કબજે લેવામાં આવ્યા છે. જોકે, આ વૃધ્ધા ઘરે જતા રહ્યા હતા, પરંતુ તેના પૌત્ર ફરી કચેરીએ આવીને ત્રણેય દાખલાઓ પરત આપવા આજીજી કરી હતી, તેમ છતા તંત્ર દ્વારા દાખલા પરત અપાયા ન હતા.

સવારથી મામલતદાર કચેરીમાં બોગસ દાખલાનું ભુત ધૂણી રહ્યુ છે, ત્યારે મહત્વપૂર્ણ વાત તો એ છે કે, આ દાખલાઓમાં ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો પગેરુ મળવાની શકયતા નકારી શકાય તેમ નથી. આવા પ્રકારના દાખલાઓથી સરકારી સહાય લેવામાં આવે છે. પરંતુ ભુતકાળમાં બનેલી અનેક ઘટનાઓમાં સરકારી તંત્ર જ તપાસમાં પીછેહટ કરી રહ્યુ છે, જેથી આ કૌભાંડ ચાલું રહ્યુ છે.

છત્રપતિ શિવાજી મહારાજ જન્મ જયંતીએ જાહેર રજા આપવા માંગ



સાંસ્કૃતિક રક્ષા સમિતિએ કલેકટરને રજૂઆત કરી

સુરત

શ્રીમંત છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતી તા.૧૯મી ફેબ્રુઆરીના દિવસે ભારત દેશમાં 'જાહેર રજા' રાખવામાં આવે તે બાબત સાંસ્કૃતિક રક્ષા સમિતિ દ્વારા આજે જિલ્લા કલેક્ટરને કરાયેલી રજૂાતમાં જણાવાયું હતું કે, હિન્દવી સ્વરાજ્યના સ્થાપક શ્રીમંત ચત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતી તા.૧૯ ફેબ્રુઆરીના રોજ આવે છે. ૧૭મી સદીમાં શ્રી છત્રપતિ શિવાજી મહારાજે ઔરંગજેબના મોગલ સામ્રાજ્ય સાથે કેટલાકો વર્ષો સુધી સંઘર્ષ કરેલુ હતું. હિન્દુ રાજનીતી પ્રથા તથા દરબારી શિષ્ટાચારને પુર્નજીવીત કરેલ હતું. ભારતના સ્વતંત્રા સંગ્રામ પર અનેક લોકોએ શ્રી છત્રપતિ શિવાજી મહારાજના જન્મ ચરિત્રથી પ્રેરણા લઈ તન મન ધન અર્પિત કરેલ હતું. હિન્દુ સંસ્કૃતિનું રક્ષણ કરનાર તથા મોગલ સામ્રાજ્ય સામે લડત આપનારા હિન્દુ વીર યોદ્ધા શ્રીમંત છત્રપતિ શિવાજી મહારાજના જીવન ચરિત્રના વિચારો આવનારી પેઢી અનુસરે જેથી અમો સાંસ્કૃતિક રક્ષા સમિતિની રાષ્ટ્રહિતની માંગણી છે કે, ૧૯મી ફેબ્રુઆરી તેમના જન્મ જયંતીના રોજની 'જાહેર રજા' રાખવામાં આવે. આવેદન પત્રમાં વધુમાં જમાવાયું હતું કે, સરકારી અર્ધસરકારી કચેરીઓ તથા શાળા બેંકો, જેવી તમામ ક્ષેત્રે આખા ભારત દેશમાં જન્મ જયંતિના ઉજવણીના ભાગરૂપે જાહેર રજા રાખવામાં આવે તથા શાળાઓમાં શ્રી છત્રપતિ શિવાજી મહારાજના જીવનચરિત્ર પર ઉત્સવ કાર્યક્રમ રાખવામાં આવે.

બિન ખેતી બાદ હવે પ્રીમિયમની કામગીરી પણ ઓનલાઈન થશે

અમદાવાદ

રાજય સરકારે જમીન મહેસૂલ સંહિતાની કલમ-૬૫ હેઠળ અપાતી બિન ખેતી (નોન એ ગ્રીકલ્ચર-એ નએ) ની પરવાનગી મેળવવાની કાર્ય પદ્ધતિને હવે ઓનલાઈન કરી લીધા બાદ હવે જમીનના પ્રીમિયમને લગતી તમામ કામગીરી પણ હવે આગામી માસથી ઓનલાઈન થઈ જશે.

અમદાવાદ-ગાંધીનગર જિલ્લામાં કલેક્ટરના અધિકાર હેઠળ આવતાં તમામ વિસ્તારોમાં પાઈલટ પ્રોજેક્ટ તરીકે બિન ખેતીની પરવાનગીનો અમલ ઓનલાઈન કરાયા બાદ તેને પ્રારંભિક ક્ષેત્રે જ સફાલ્ટર મળતાં હાલમાં રાજય ભરમાં બિન ખેતીની પરવાનગીની તમામ કામગીરી ઓનલાઈન થઈ રહી છે

નવી શરતની જમીનનો કબજેદાર તેવી જમીન વેચાણ, બક્ષિસ, અદલોબદલો, ગીરો, પેટા, નામફેર (એસાઈન્મેન્ટ) કે ભાગલા આટલા વ્યવહારો માટે કલેક્ટર, રાજય સરકારની પૂર્વ મંજૂરી મેળવવી તેમજ રાજય સરકાર નક્કી કરે તેવી રકમમાં અવેજની ચૂકવણી રાજય સરકારને કર્યેથી અને પ્રીમિયમની રકમ સરકારમાં ભર્યેથી રાજય સરકાર ઠરાવે તે સંજોગોમાં કલેક્ટર જમીનના કબજેદારને તેવા વ્યવહારો કરવા માટેની પરવાનગી આપે છે. આ તમામ પ્રક્રિયા પણ હવે ઓનલાઈન કરવામાં આવશે.

કોઈના દબાણ કે ધમકીઓના કારણે બેલેટ પેપરના યુગમાં પરત નહીં ફરીએ: મુખ્ય ચૂંટણી કમિશ્નર

અટકળોનો અંત: લોકસભા ચૂંટણી ઈવીએમ, VVPATથી જ થશે

વિપક્ષી દળોને મોટો ઝટકો,ઈવીએમ હેકિંગ વિવાદના ૩ દિવસ બાદ ચૂંટણી કમિશ્નરની સાફ વાત,જે પક્ષો ચૂંટણીમાં હારી જાય છે તેઓ ઈવીએમને ફૂટબોલ ગણે છે પરંતુ વોટીંગ મશીન સંપૂર્ણપણે સુરક્ષિત છે : સુનિલ અરોડા



ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી પહેલાં ઈફ્સ્ને લઈને એક વખત ફરી ચર્ચાએ જોર પકડ્યું છે. આ વચ્ચે મુખ્ય ચૂંટણી કમિશનર સુનીલ અરોડાએ નિવેદન આપ્યું છે કે, હું સ્પષ્ટ રીતે જણાવવા માંગુ છું કે આપણે લોકો બેલેટ પેપરના સમયમાં પરત નથી ફરી રહ્યાં. આપણે EVM અને VVPATથી જ ચૂંટણી કરાવીશું. મુખ્ય ચૂંટણી કમિશનર સુનીલ અરોડાએ સ્પષ્ટ કહ્યું કે, ×કોઈના દબાણ કે ધમકીઓના કારણે બેલેટ પેપરના યુગમાં પરત નહીં ફરીએ. EVM અને VVPATને લઈને રાજકીય પક્ષો સહિત અન્ય લોકોની નિંદા કરવાનો અને ફીડબેક આપવાનો રસ્તો ખુલ્લો જ છે.

મુખ્ય ચૂંટણી કમિશનરનું નિવેદન તેવા સમયે આવ્યું છે જ્યારે બે દિવસ પહેલાં જ લંડનમાં ભારતીય મૂળના એક હેકરે દાવો કર્યો હતો કે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં EVM હેક થયું હતું અને ભાજપે ગોટાળા કરી ચૂંટણી જીતી હતી.

સુનીલ અરોડાએ કહ્યું, ×અમે લોકો બેલેટ પેપરના સમયમાં પરત નથી જઈ રહ્યાં, અમે EVM અને VVPATને જ યથાવત રાખીશું.× તેઓએ કહ્યું કે અમે કોઈ પણ પ્રકારની નિંદા અને પ્રતિક્રિયા માટે તૈયારી છીએ, તે પછી રાજકીય પક્ષ દ્વારા જ કેમ કરવામાં આવતી ન હોય. સતત થતી નિંદા છતાં ઈફ્સ અને VVPATને નહીં છોડીએ અને બેલેટ પેપરના સમયમાં પરત નહીં ફરીએ.

અમેરિકી સાઈબર એક્સપર્ટે લંડનમાં એક પ્રેસ કોન્ફરન્સ કરી દાવો કર્યો હતો કે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ઈફ્સમાં ગોટાળા થયા હતા. આ ઉપરાંત ૨૦૧૫ની દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પણ આવું જ થયું હતું. આ ખુલાસાઓ બાદથી જ અનેક વિપક્ષી પાર્ટીઓએ સવાલો કર્યા હતા.

રિવરફ્રન્ટ કૌભાંડ: ઈડીના યૂપી, રાજસ્થાન, દિલ્હી, હરિયાણામાં દરોડા

સિંચાઈ વિભાગના પૂર્વ અધિકારીઓ, ઈજનેરો, ગેમન ઈન્ડિયા કંપનીના અધિકારીઓના આઠ સ્થળો પર

લખનૌ

યુપીના ગોમતી રિવર ફ્રન્ટ કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઈડી)એ ગુરુવારે વિવિધ સ્થળો પર દરોડા પાડ્યા છે. આ કૌભાંડ મામલે કેસ દાખલ કર્યા બાદ ઈડીએ પ્રથમ વાર દરોડા પાડ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે, ઈડીએ દેશના ચાર રાજ્યો યુપી, હરિયાણા, રાજસ્થાન અને દિલ્હીમાં દરોડા પાડ્યા છે. ઈડીની આ કાર્યવાહી સિંચાઈ વિભાગના પૂર્વ અધિકારીઓ, ઈજનેરો અને ગેમન ઈન્ડિયા કંપનીના અધિકારીઓના ૮ સ્થળો પર ચાલી રહીછે. લખનઉમાંઈડીની ટીમોએ ગોમતીનગરના વિશાલખંડ અને રાજાજીપુરમ વિસ્તારમા દરોડા પાડ્યા હતા. ગોમતીનગરના વિશાલખંડમાં સ્થિત મકાન નંબર ૩/૩૩૨માં ઈડીની ટીમ પહોંચી હતી. આ વિશાળ ઘરની બહાર શિવાંશ નામ લખેલું છે. ઈડીએ મકાનને અંદરથી બંધ કરી લીધું છે. કોઈપણ વ્યકિતની અંદર કે બહાર જવા પર રોક લગાવવામાં આવી છે. ગોમતી રિવર ફ્રન્ટ પ્રોજેક્ટના કૌભાંડમાં ગત સપ્ટેમ્બરમાં ૬ કંપનીઓ વિરુદ્ધ સમન મોકલવામાં આવ્યું હતું. ઈડીના અધિકારીઓએ જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, જે કંપનીઓ બ્લેક લિસ્ટેડ હતી, તેમને રિવર ફ્રન્ટના કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા હતા. એટલું જ નહી કંપનીઓને વધુ ચૂકવણી પણ કરવામાંઆવી હતી. કોન્ટ્રાક્ટમાં જે રકમ નક્કી કરવામાં આવી હતી તેના કરતા વધુ ચૂકવણી કરવામાં આવી હતી. અનેક રાજ્યોમાં બ્લેક લિસ્ટેડ થયેલી ગૈમન ઈન્ડિયાને બે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા હતા, ગૈમન ઈન્ડિયાને સૌથી ઉંચી કિંમત ૬૬૫ કરોડ પર કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો.

સુપ્રિમના પૂર્વ જસ્ટિસ જે ચેલેમેશ્વરે સંવિધાનનો હવાલો આપી સવાલો ઉઠાવ્યા

સંવિધાન મુજબ આર્થિક આધાર પર ન મળી શકે અનામત

મુંબઈ

મોદી સરકારે હાલમાં જ ગરીબ સવર્ણોને ૧૦ ટકા અનામત આપવાનો નિર્ણય કર્યો છે. તેની સાથે જોડાયેલ સંવિધાન સંશોધન બીલને બંને સદનમાં માત્ર બે દિવસમાં પાસ કરવામાં આવ્યું હતું. સરકાર તેને મોટો નિર્ણય ગણાવી રહી છે ત્યારે સુપ્રીમ કોટના પૂર્વ જસ્ટિસ જે ચેલેમેશ્વરે તેના પર સંવિધાનનો હવાલો આપતા સવાલો ઉઠાવ્યા છે.

આઈઆઈટી મુંબઈના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતા સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ જે ચેલેમેશ્વરે કહ્યું, અનામતથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત લોકોને જ આગળ વધારી શકાય છે. જસ્ટિસ ચેલેમેશ્વરે કહ્યું, અનામતના માધ્યમથી આર્થિક રીતે પછાત લોકોનું કલ્યાણ ન થાય. વિદ્યાર્થીઓને સંબોધિત કરતા જસ્ટિસ ચેલેમેશ્વરે કહ્યું, સંવિધાન મુજબ અનામતથી સામાજિક અને શૈક્ષણિક રૂપથી પછાત લોકોને જ તેનો લાભ મળી શકે છે આર્થિક રૂપથી પછાત લોકોને નહી. આ મામલાને લઈને કોર્ટનો શું વલણ હોય છે તે મને નથી ખબર.

ઉલ્લેખનીય છે કે હાલમાં જ સંસદમાં સંવિધાનમાં ૧૨૪માં સંશોધન કરતા સામાન્ય વર્ગ માટે અનામતની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સંશોધનથી સરકારે સામાન્ય વર્ગના ગરીબો માટે ૧૦ટકા અનામતની વ્યવસ્થા કરી છે. આ કાયદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. સંસદમાંથી મંજુરી મળ્યા બાદ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પણ હસ્તાક્ષર કરી દિધા છે. રાષ્ટ્રપતિના હસ્તાક્ષર બાદ ઘણા રાજ્યોને તેને લાગૂ કરી દિધુ છે. સરકારની નીતિયો મુજબ, ફેબ્રુઆરીથી ગરીબ સવર્ણોને અનામત મળવા લાગશે.

રેલવેની મોટી જાહેરાત: ૨૨ ટ્રેનોના રુટ લંબાવાયા, ગુજરાતની ટ્રેનોનો પણ સમાવેશ

ન્યુ દિલ્હી

ભારત જેવા મોટા દેશમાં લાંબા અંતરની અવરજવર કરવા માટે આજે પણ લોકો ટ્રેનનો ઉપયોગ કરી રહ્યા છે. તાજેતરમાં દેશના રેલવે મંત્રી દ્વારા પિયુષ ગોયલ દ્વારા ૨૨ ટ્રેનોના રુટ લંબાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ ટ્રેનોના કારણે ગુજરાતને શું ફાયદો થયો? તે જાણવા આખો અહેવાલ અવશ્ય વાંચો

સહરસા થી બાન્દ્રા (મુંબઈ) વચ્ચેની હમસફર એક્સપ્રેસ (૨૨૯૧૩-૨૨૯૧૪)

રેલવે મંત્રી દ્વારા રુટના વિસ્તરણ કરવામાં આવેલી ટ્રેનમાં આ ટ્રેનનો સમાવેશ થાય છે. બાન્દ્રા-પટના એક્સપ્રસને એક્સટેશન આપીને હવે તેને સહરસા સુધી લંબાવવામાં આવી છે. આ ટ્રેન પણ ગુજરાતના વાપી, વલસાડ અને ઉધના સ્ટેશન થઈ આગળ વધે છે.

માતા વૈષ્ણોદેવી-કટરા-અમદાવાદ સર્વોદય એક્સપ્રેસ (૧૨૪૭૩/૧૨૪૭૪)

આ ટ્રેનનો રુટ પણ ગાંધીધામ સુધી લંબાવાયો છે. આ સર્વોદય એક્સપ્રેસ ટ્રેનને વિરમગામ, ગાંધીધામ, પાંગ્રા અને સામખિયાળી સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

સુરેન્દ્રનગર-પાંગ્રા ડેમુ (૭૯૪૫૭/૭૯૪૫૮/૭૯૪૫૯/૭૯૪૬૦)

આ ટ્રેનનો રુટ બોટાદ સુધી લંબાવવામાં આવ્યો છે. હવે આ ટ્રેન ફુંડલી, રાણપુર, ચૂડા, લિંબડી, વઢવાણ સિટી, જોરાવર નગર, સુરેન્દ્રનગર સ્ટેશન પર ઊભી રહેશે.

પ્રતાપનગર- છોટાઉદેપુર પેસેન્જર ટ્રેન (૫૯૧૨૧/૫૯૧૨૦)

આ ટ્રેન હવે મોટી સદલી સુધી લંબાવવામાં આવી છે. આ ટ્રેનને લંબાવાયેલા રૂટ પર પદલિયા સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

પ્રિયંકા ગાંધી વારાણસી,ગોરખપુરથી લડશે ચૂંટણી?: કપિલ સિબ્બલના ટ્વિટે સંકેત આપ્યા

ન્યુ દિલ્હી

કોંગ્રેસે પ્રિયંકા ગાંધીને રાજનીતિના મેદાનમાં ઉતારતાની સાથે પાર્ટી જબરદસ્ત જોશમાં નજરે પડી રહી છે. હવે એવી અટકળો ચાલી રહી છે કે પાર્ટી પ્રિયંકાને મોદી સરકાર વિરુદ્ધ વારાણસીથી મેદાનમાં ઉતારી શકે છે. પાર્ટીના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રિય મંત્રી કપિલ સિબ્બલે ટ્વિટ કરી આ દિશામાં સંકેત પણ આપી દીધા છે. ૨૦૧૪માં મોદી વિરુદ્ધ કોંગ્રેસ ઉમેદવાર અજય રાયે તેના માટે રાહુલ ગાંધીને પ્રસ્તાવ મોકલવાની વાત કહી છે.

કપિલ સિબ્બલે ટ્વિટ કર્યું, મોદીજી અને અમિત શાહે કહ્યું હતું, કોંગ્રેસ મુક્ત ભારત! હવે પ્રિયંકા ગાંધીને ઉત્તર પ્રદેશ (પૂર્વી)માં ઉતાર્યા બાદ અમે જોઈશું. મુક્ત વારાણસી? મુક્ત ગોરખપુર? રાજનીતિમાં હાલના દિવસોમાં એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે પ્રિયંકાને પૂર્વી યૂપીની કંઈ સીટ પરથી ઉતારવામાં આવી શકે. એવી પણ ચર્ચા છે કે વડાપ્રધાન મોદી વિરુદ્ધના મુકાબલામાં તેમને વારાણસીથી પાર્ટી પોતાનો ચહેરો બનાવી શકે છે.

પ્રિયંકાને પૂર્વી યૂપીની કમાન સોંપવામાં આવી છે અને તેમણે કોંગ્રેસના મહાસચિવ પણ બનાવવામાં આવ્યા છે. બુધવારે રાહુલ ગાંધીએ પણ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, કોંગ્રેસ ઉત્તર પ્રદેશમાં હવે ફંટફૂટ પર રમશે. પ્રિયંકા અત્યાર સુધી પ્રદેશમાં માત્ર રાયબરેલી અને અમેઠીના વિસ્તારોમાં જ ચૂંટણી પ્રચાર કરતી હતી. આ વખતે તેમણે બીજેપીનો ગઢ મનાતા પૂર્વી યૂપીની કમાન સોંપવામાં આવી છે.

સેનાને મોટી સફળતા: કાશ્મીરનો બારામૂલા જિલ્લો આતંકમુક્ત બન્યો

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓનો ખાત્મો બોલાવવામાં સરકારને મોટી સફળતા હાથ લાગી છે. જમ્મુ-કાશ્મીરનો બારામૂલા જિલ્લો સંપૂર્ણ રીતે આતંકી મુક્ત થઈ ગયો છે. બુધવારના રોજ જમ્મુ-કાશ્મીરના પોલીસ કમિશનરે જણાવ્યું કે, બારામૂલામાં બુધવારના રોજ જવાનોએ વધેલા ત્રણ આતંકીઓને ઠાર કરી દીધા હતા. તેમણે જણાવ્યું કે આજની તારીખમાં બારામૂલામાં કોઈ પણ આતંકી જીવતો નથી બચ્યો.

જમ્મુ-કાશ્મીરના બારામૂલા જિલ્લામાં બુધવાર જવાનોની સાથે થયેલી એક અથડામણમાં ત્રણ આતંકવાદીઓ ઠાર કરાયા હતા. આ અંગેની જાણકારી પોલીસે જ મીડિયાને આપી હતી. એક પોલીસ અધિકારી એ જણાવ્યું કે, આ વિસ્તારમાં આતંકવાદીઓ હોવાની જાણ થતા જ સેનાએ બારામૂલા જિલ્લાના બિજ્બેર વિસ્તારમાં ઘેરાબંધી કરીને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

તેમણે જણાવ્યું કે, સર્ચ ઓપરેશન દરમિયાન આતંકીઓએ સેનાના જવાનો પર ગોળીબાર કર્યો હતો અને ત્યારબાદથી જ જવાનો અને આતંકીઓ વચ્ચે અથડામણ શરૂ થઈ હતી. અધિકારીએ જણાવ્યું કે, સર્ચ અભિયાન દરમિયાન ત્રણ આતંકીઓ માર્યા ગયા હતા. તેમણે જણાવ્યું કે, ઘટનાસ્થળેથી હથિયારો અને અન્ય સામગ્રી હાથ લાગી છે. આ આતંકીઓ લશ્કર-એ-તોયબા સંગઠન સાથે જોડાયેલા હતા.









તંત્રી સ્થાનેથી...

કોંગીમાં હવે નવી ચમક

પાંચ રાજ્યોમાં હાલમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગઢ જેવા હિન્દી પટ્ટાના મહત્વપૂર્ણ રાજ્યો શાનદાર દેખાવ મારફતે ભાજપ પાસેથી આંચકી લીધા બાદ હવે કોંગ્રેસ પાર્ટીમાં નવી ચમક આવી ગઇ છે. તેના કાર્યકરોને પણ નવો ઉત્સાહ મળી ગયો છે. પાર્ટીના કાર્યકરોમાં ફરી નવી આશા જાગી છે.કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી હાલમાંજે રીતે દરેક મુદ્દાને આક્રમક રીતે રજૂ કરી રહ્યા છે તેના કારણે પાર્ટી આશાવાદી બની ગઇ છે. રાહુલના પ્રયાસના કારણે ફાયદો પણ થઇ રહ્યો છે. કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ રાહુલ ગાંધી પાર્ટીમાં નવા પ્રાણ ફુંકવા માટેના તમામ પ્રયાસ કરી રહ્યા છે. આમાં સફળતા પણ મળી રહી છે. રાહુલ આના માટે કોંગ્રેસ પાર્ટીમાં નવા નવા ચહેરાઓને સામેલ કરી રહ્યા છે. પાર્ટીમાં સંગઠનમાં મોટા પાયે ફેરફાર પણ કરી રહ્યા છે. વધુને વધુ યુવાનોને તેઓ તક આપી રહ્યા છે. આના ભાગરૂપે જુદા જુદા રાજ્યોના વરિષ્ઠ હોદ્દેદારોની ઓફિસમાં તેમના સહાયકોના રૂપમાં ૪૪માંથી ૩૦ નવા સચિવ પણ ચૂંટી કાઢવામાં આવ્યા છે. એમ કહેવામાં આવે છે કે આશરે ૭૦ યુવા નેતાની યાદી પણ તૈયાર કરી લેવામાં આવી છે. જેમને જુદી જુદી જવાબદારી સોંપવામાં આવનાર છે. કેટલાક રાજ્યોમાં નવા નેતાઓને મોટી અને મહત્વપૂર્ણ જવાબદારી સોંપી દેવામાં આવી છે. કોંગ્રેસ પાર્ટીની આ બાબતને લઇને હમેંશા ટિકા થતી રહી છે કે પાર્ટી સંગઠનમાં નિષ્ક્રિયતા આવી ગઇ છે. તેમાં એવા લોકોની કમી આવી ગઇ છે જે નવા જોશની સાથે સાથે સક્રિય રીતે કામ કરી શકે. રાહુલ ગાંધી જ્યારે પ્રથમ વખત સક્રિય થયા ત્યારે તેઓએ પાર્ટીમાં કેટલાક યુવા નેતાઓને સંગઠનમાં જગ્યા આપી દીધી હતી. જો કે આ પ્રક્રિયા એ વખતે જોર પકડી શકી ન હતી. કોંગ્રેસ પાર્ટી એક અડચણમાં મુકાઇ ગઇ હતી. કદાચ આ બાબતની ખચકાટ રહી હતી કે ઉપરથી નીચે સુધી એક જ વખતમાં જોરદાર ફેરફારના કારણે પાર્ટીમાં નારાજગી ફેલાઇ જશે. સાથે સાથે એક આંતરિક ખેંચતાણની સ્થિતી સર્જાઇ જશે. રાજીવ ગાંધીના સમયે પાર્ટીને આવી સ્થિતીમાંથી પસાર થવાની ફરજ પડી હતી. એ વખતે કેટલાક સિનિયર નેતા અલગ રસ્તે જતા રહ્યા હતા. જેથી રાહુલ ગાંધીએ પોતાના પગલાને રોકી દીધા છે. પરંતુ પાર્ટીના પ્રમુખ તરીકેની જવાબદારી આવી ગયા બાદ કેટલાક યુવાનોને આગળ લાવવા માટે પોતાના એજન્ડાની વાત કરવામાં આવી છે. પોતાના એજન્ડા પર મજબુત રીતે વધી શકાય તે માટે રાહુલ ગાંધી આ દિશામાં આગળ વધી રહ્યા છે. રાહુલ વધારે સક્રિય થતા હવે કોંગ્રેસના કાર્યકરો પણ ઉત્સાહિત દેખાઇ રહ્યા છે. રાહુલ ગાંધીએ ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમિયાન ખુબ મહેનત કરી હતી. જેની અસર પણ જોવા મળી હતી. કોંગ્રેસ પાર્ટીને પોતાની સ્થિતી મજબુત કરવામાં સફળતા મળી હતી. વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી બાદ કોંગ્રેસની એક પછી એક રાજ્યમાં કારમી હાર થઇ હતી. નરેન્દ્ર મોદી લહેર અને મેજિક વચ્ચે કોંગ્રેસના દરેક રાજ્યમાં સુપડા સાફ થયા હતા. જો કે રાહુલ ગાંધી પાર્ટી પ્રમુખ બન્યા બાદ કોંગ્રેસમાં ચોક્કસપણે નવા પ્રાણ હવે ધીમે ધીમે ફુંકાઇ રહ્યા છે.

મધ્યપ્રદેશ, છત્તિસગઢ અને રાજસ્થાનમાં સફળતા મળ્યા બાદ રાહુલ વધુ આક્રમક

દરરોજ ઉપયોગમાં આવતી ચીજો શરીરને નુકસાન કરી રહી છે...

ટુથપેસ્ટ- ડીઓમાં ખતરનાક કેમિકલ્સ

દરરોજ ઉપયોગમાં આવતી ચીજો શરીરને ખુબ નુકસાન કરી રહી છે. આમાં ખતરનાક કેમિકલ્સ ટ્રાઇક્લોસનની ઉપસ્થિતી શરીરને ધીમે ધીમે નુકસાન કરી રહી છે. ટોક્સિક લિન્કના એક રિપોર્ટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ટોક્સિક લિન્કે દિલ્હી એનસીઆરથી દરરોજ ઉપયોગમાં આવતી કેટલીક ચીજોને આવરી લઇને તેમાં ચકાસણી હાથ ધરી હતી. જેના આધાર પર કેટલાક નવા દાવા કરવામાં આવ્યા છે. રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે ટુથપેસ્ટ, હેયર કન્ડીશર , શેમ્પુ , શેવિંગ ક્રીમ, ડિઓ, શુઝ, વસ્ત્રો, કેપ્સુલ, વોટર બોટલ, અને બાળકોના રમકડામાં આ કેમિકલ્સ હોવાની વિગત સપાટી પર આવી છે. ટ્રાઇક્લોસન નામનના આ ખતરનાક કેમિકલ્સ અમારા શરીરમાં પહોંચીને શરીરના જુદા જુદા હિસ્સાને નુકસાન કરે છે. ફેંફસા અને આંતરડાને પણ નુકસાન કરે છે. જેના કારણે કેન્સરની બિમારીને આમંત્રણ મળે છે. રિપોર્ટમાં કેટલાક બ્રાન્ડના પાણીની બોટલના સેમ્પલ પણ લેવામાં આવ્યા હતા. જેમાં જાણવા મળ્યુ હતુ કે એક લીટર પાણીની બોટલમાં સરેરાશ ૩૨૫ પ્લાસ્ટિકના રજકણ મળી આવ્યા છે. આવી જ રીતે પ્લાસ્ટિકના લંચ બોક્સમાં ગરમ ભોજન રાખવાની સ્થિતીમાં તેમાં પણ પ્લાસ્ટિક મળે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે માર્ગ પર ગાડી ચલાવવાથી ટાયર ઘસાય છે. જેથી માઇક્રો પ્લાસ્ટિકના રજકણ પણ હવામાં આવી રહ્યા છે. જે શ્વાસ મારફતે શરીરમાં પ્રવેશ કરી રહ્યા છે. ટોક્સિક લિંકના ચીફ પ્રોગ્રામ કો ઓર્ડિનેટર પ્રિતિ મહેશે કહ્યુ છે કે કેમિકલ્સ શરીર આરોગ્ય અને પર્યાવરણ બંનેને નુકસાન કરે છે. ભારે નુકસાન થઇ રહ્યુ હોવા છતાં કોઇ પણ પ્રકારના અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી રહી નથી. તેના ઉપયોગના નિયંત્રણ માટે પણ કોઇ પગલા લેવામાં આવી રહ્યા નથી. હાલમાં જ ટુથપેસ્ટના સંબંધમાં અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી.




ટોક્સિક લિન્કના રિપોર્ટમાં હાલમાં દાવો કરવામાં આવ્યા બાદ લોકોને વધારે સાવધાન રહેવાની જરૂર દેખાઇ રહી છે : રમકડામાં પણ કેમિકલ્સ

વ્યાપક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યા છે કે સવારે ઉઠીને અમે જે ટુથપેસ્ટથી બ્રશ કરી રહ્યા છીએ તે અમારી અંદર ઝેર પહોંચાડે છે. એક ટૂથપેસ્ટમાં નવ સિગારેટ જેટલું નિકોટીનનું પ્રમાણ હોઇ શકે છે. દિલ્હી સ્થિત ઇન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ એન્ડ રિસર્ચે પોતાની તપાસમાં આ મુજબનો ઘટસ્ફોટ કર્યો છે. આ સંસ્થાએ કહ્યું છે કે તમામ ટુથપેસ્ટ બનાવટી કંપનીઓ લોકોના દાંતને ખરાબ કરવાની પ્રક્રિયામાં જોડાયેલી છે. આ સંસ્થાના પૂર્વ અધિકારી અને પ્રોફેસર એસ એસ અગ્રવાલે જણાવ્યું છે કે બજારમાં ઉપલબ્ધ તમામ ટોચની કંપનીઓના પેસ્ટને લઇને તપાસ કરવામાં આવી ચૂકી છે. આમાંથી ૧૧ પેસ્ટ અને દાતમંજનમાં નિકોટીનનું પ્રમાણ અપેક્ષા કરતાં વધારે જોવા મળ્યું છે. પેસ્ટમાં યુઝીનોલ અને ટારનું પ્રમાણ પણ ખૂબ મોટી માત્રામાં જોવા મળ્યું છે.

ફ્લોરાઇડનું પ્રમાણ પણ મોટી માત્રામાં જોવા મળ્યું છે. ઘણા પેસ્ટ અને દાંતમંજનમાં ૧૮ મિલીગ્રામ સુધી નિકોટીનનું પ્રમાણ જોવા મળ્યું છે. એક સિગારેટમાં રથી ૩ મિલીગ્રામ નિકોટીનનું પ્રમાણ રહે છે. આ રીતે જોવા જઇએ તો પેસ્ટમાં ૮થી ૯ સિગારેટ સમાન નિકોટીનનું પ્રમાણ રહે છે. નિકોટીન ડિમાગને તાજગી ઉપલબ્ધ કરાવે છે પરંતુ તેની આડ અસરો પણ રહેલી છે. યુઝીનોલ પીડાને ઘટાડે છે. મોટાભાગની કંપનીઓ દાંતમાં રહેતી પીડાને દૂર કરવા માટે આનો ઉપયોગ કરે છે પરંતુ હાર્ટની ધમની પર તેની માઠી અસર થાય છે. ટૂથપેસ્ટમાં સામેલ ટાર કેન્સર માટે મોટું કારણ હોઇ શકે છે. પેટ ઉપર પણ તેની પ્રતિકૂળ અસર થાય છે. આનાથી ભૂખનું પ્રમાણ ઘટી જાય છે.

ટૂથપેસ્ટને લઇને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં ઘણી અન્ય બાબતો પણ જાણવા મળી છે જેમાં વધુ અભ્યાસ કરવામાં આવશે. હવામાં ખતરનાક રજકણ રહેલા છે જે શ્વાસ મારફતે શરીરમાં પ્રવેશ કરી જાય છે. દર વર્ષે વાયુ પ્રદુષણના કારણે વિશ્વભરમાં ૨ મિલિયન અથવા તો ૨૦ લાખ લોકોના મોત થઈ જાય છે. ડબલ્યુએચઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટામાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. ૫૧ દેશોના ૧૧૦૦ શહેરોમાંથી આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે. આ આંકડા મુજબ હવાઈ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આના કારણે હાર્ટ સાથે સંબંધિત રોગ, ફેંફસાના કેન્સર, અસ્થમા અને શ્વાસ લેવાની તકલીફ તેમજ અન્ય ઈન્ફેક્શન રોગોનો સમાવેશ થાય છે. ટુથપેસ્ટ અને અન્ય પ્રકારની દરરોજ ઉપયોગમાં આવતી ચીજો નુકસાનકારક છે.



કાઇલી જેનર મોડલિંગના ક્ષેત્રમાં યુવા પેઢી માટે પ્રેરણારૂપ છે...

કાઇલી જેનરને લઈને જોરદાર કેઝ

અમેરિકન અભિનેત્રી, મોડલ અને સોશિયલ મિડિયા પર્સનાલિટી આજે દુનિયામાં સૌથી નાની વયની સૌથી અમીર મહિલા બની ચુકી છે

કિમ કરદાશિયાની નાની બહેન કાઇલી જેનર દુનિયાની સૌથી ઓછી વયની અમીર મહિલાઓની યાદીમાં સામેલ થઇ ગઇ છે. આ જ કારણસર તે ફોર્બ્સના કવર પેજ પર હાલમાં નજરે પડી રહી છે. જેનરે ફેબ્રુઆરી ૨૦૧૬માં કાઇલી કોસ્મેટિક્સની સ્થાપના કરી હતી. તેની કંપનીએ અભૂતપૂર્વ નાણાં મેળવી લીધા છે. કાઇલી કોસ્મેટિક્સની લોકપ્રિયતા દિન પ્રતિદિન વધી રહી છે. ૨૦ વર્ષીય મોડલે ૯૦ કરોડ ડોલરની સંપત્તિ હાંસલ કરવામાં સફળતા મેળવી છે. આ પ્રથમ વખત બન્યુ છે કે ટેલિવીઝન પર્સનાલિટી, મોડલ અને કારોબારી કાઇલી જેનર આ યાદીમાં સામેલ થઇ રહી છે. ફોર્બ્સની સાથે એક ઇન્ટરવ્યુમાં કાઇલી જેનરે કહ્યુ છે કે તે હમેંશા કોસ્મેટિક્સને લઇને કેઝી રહી છે. અલબત્ત આ ક્ષેત્રમાં તેને કઇક કરવા માટે ભારે મહેનત કરવી પડી છે. કાઇલી જેનરે કહ્યુ છે કે જ્યારે તે છઠ્ઠા ધોરણમાં હતી ત્યારે ચોઇલેટ રંગના આઇશેડ લગાવતી હતી. તેનુ કહેવુ છે કે મેક અપના કારણે તેને વધારે આત્મવિશ્વાસ આવે છે. અમેરિકાની અભિનેત્રી જુદા જુદા ક્ષેત્રમાં જોડાયેલી રહી છે અને સૌથી સફળ અને લોકપ્રિય તરીકે ઉભરી આવી છે. અમેરિકન રિયાલિટી ટેલિવીઝન પર્સનાલિટી, મોડલ સોશલાઇટ અને સોશિયલ મિડિયા પર્સનાલિટી તરીકે આજે જેનરને તમામ લોકો ઓળખે છે. વિશ્વની સૌથી મોંઘી રિયાલિટી સ્ટાર કિમ કરદાશિયાની બહેન તરીકે તે રહી છે. વર્ષ ૨૦૦૭ બાદથી કરદાશિયા સાથે તે કિપિંગ અપમાં જોડાયેલી રહી છે. હવે તે કોસ્મેટિક્સ કંપનીની માલિક પણ છે. જેનુ નામ કાઇલી કોસ્મેટિક્સ રાખવામાં આવ્યુ છે. ૨૦ વર્ષની વયમાં જ તે આજે ૯૦૦ મિલિયન ડોલરની સંપત્તિ ધરાવે છે. વર્ષ ૨૦૦૭થી તે સક્રિય રહી છે. વર્ષ ૨૦૧૨માં ક્લોથિંગ બ્રાન્ડ પાકસન સાથે તેને હાથ મિલાવ્યા હતા. કેન્ડલ એન્ડ કાયલી નામ સાથે બંને બહેનોએ ક્લોથિંગ લાઇન લોંચ કરી હતી. ત્યારબાદ જેનરે પોતે કોસ્મેટિક્સ લાઇન લોંચ કરી હતી. જેનુ નામ કાયલી લિપ કિટ્સ રાખવામાં આવ્યુ હતુ. ત્યારબાદ તેનુ નામ બદલીને કાયલી કોસ્મેટિક્સ કરી દેવામાં આવ્યુ હતુ.ત્યારબાદ કાઇલી વધુને વધુ લોકપ્રિય થતી રહી છે. વર્ષ ૨૦૧૪ અને વર્ષ ૨૦૧૫માં મેગેઝિને વિશ્વમાં સૌથી પ્રભાવશાળી ટીન્સમાં તેનો સમાવેશ કર્યો હતો. વર્ષ ૨૦૧૮ના આંકડા દર્શાવે છે કે તે ૧૦૦ મિલિયનથી વધારે ફોલોઅર્સ ધરાવે છે. જે સાબિત કરે છે કે તે કેટલી લોકપ્રિય ચાહકોમાં થયેલી છે. જેનર ફોર્બ્સની સેલિબ્રીટી ૧૦૦ લિસ્ટમાં પણ સામેલ થઇ ગઇ છે. વર્ષ ૨૦૧૮માં તેની સંપત્તિ ૯૦૦ મિલિયન ડોલર આંકવામાં આવી છે. સૌથી નાની વયમાં સૌથી વધારે અમીર તરીકે તે ઉભરી આવી છે. લોસ એન્જલમાં જન્મેલી જેનેર વર્ષ ૧૯૭૬ સમર ઓલિમ્પિક વિજેતા કેથલીન જેનેરની સૌથી નાની પુત્રી છે. તેની બહેન કેન્ડલ જેનર પણ છે. તેના પરિવારના સભ્યોમાં જ ખુબ લોકપ્રિય સેલિબ્રિટી રહેલી છે. તેની હાફ સિસ્ટર્સમાં કોર્ટની કરદાશિયા, કિમ કરદાશિયા અને ખોલ કરદાશિયાનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૦૭માં જેનરે પોતાના માતા પિતા અને બાળકોની સાથે રિલાયિટી ટેલિવીઝન શો કિપિંગ અપ વિથ કરદાશિયાની શરૂઆત કરી હતી. આની લોકપ્રિયતા વધતી ગઇ હતી. તેના નેટવર્ક પર આ સિરીઝને લોકપ્રિયતા મળતા તમામ લોકપ્રિય થઇહતી. જેનર કેટલાક સામાજિક કાર્યોમાં પણ જોડાયેલી રહી છે. હાલમાં જ તેના દ્વારા ઇબે એકાઉન્ટની સ્થાપના કરવામાં આવી હતી. જેના પર તેના જુના વસ્ત્રોની હરાજી કરવામાં આવી હતી. બાળકોના હોસ્પિટલ માટે આ નાણાં ઉભા કરવા માટે વસ્ત્રોની હરાજ કરવામાં આવી હતી. જુદા જુદા ચેરિટી કાર્યોમાં પણ તે સક્રિય રીતે સામેલ રહી છે. મ્યુઝિક વિડિયો, ફિલ્મો, અન્ય જુદા જુદા કારોબારમાં તે સફળ રીતે સામેલ રહી છે. ૧૦મી ઓગષ્ટ ૧૯૯૭ના દિવસે જન્મેલી કાયલી જેનર વિશ્વની ટોપની સેલિબ્રિટીમાં સામેલ રહી છે. વિવિધ ક્ષેત્રોમાં તેની બોલબાલા છે. તે એક ન્યુઝ મેકર્સ તરીકે પણ ઉભરી આવી છે. સાથે સાથે બિઝનેસ, મોડલિંગ સહિતના ક્ષેત્રમાં તે રોલ મોડલ તરીકે પણ હવે ઉભરી છે. કરોડો ચાહકો તેના પર હમેંશા નજર રાખે છે.

ક્રિકેટમાં સ્ટાર વિરાટ કોહલીનો ડંકો

ટેસ્ટ, વનડે અને ટ્વેન્ટી ક્રિકેટમાં દુનિયાભરમાં પ્રભુત્વ જમાવ્યુઃ ટેસ્ટમાં ૨૫ અને વનડે ક્રિકેટમાં ૩૯ સદી જેવા રેકોર્ડ સાબિત કરે છે કે આવનાર વર્ષોમાં તમામ રેકોર્ડ તેના નામ પર જ રહેનાર છે

ક્રિકેટના મેદાન પર પોતાની રમતથી ધુમ મચાવનાર ધરખમ ક્રિકેટર વિરાટ કોહલીએ હવે વિશ્વભરમાં પોતાના નામનો ડંકો વગાડી દીધો છે. આજે વિરાટ કોહલીની સામે સ્પર્ધામાં ઉભા પણ રહી શકે તેવા કોઇ ખેલાડી દુનિયામાં નથી. વિરાટ કોહલી વિરાટ દેખાવ સાથે વિશ્વમાં છવાઇ ગયો છે. તેના આંકડા પરથી જ સાબિત થઇ જાય છે કે તે આજે ક્રિકેટમાં કેટલા સ્તર પર રમી રહ્યો છે. વિરાટ કોહલીએ ૨૧૯ વનડે મેચોમાં હજુ સુધી ૧૦૩૮૫ રન બનાવ્યા છે. જેમાં ૩૯ સદી અને ૪૮ અડધી સદી ફટકારી છે. બીજી બાજુ ટેસ્ટમાં ૭૭ મેચમાં કોહલીએ ૨૫ સદી અને ૨૦ અડદી સદી કરી છે. આંકડા સાબિત કરે છે કે આજે તે રન મશીન તરીકે છે. કોહલી વર્તમાન સમયમાં દુનિયાના શ્રેષ્ઠ બેટ્સમેન છે તેમાં કોઇ શંકા નથી. વનડેના મામલે તે માસ્ટર બ્લાસ્ટર બેટ્સમેન સચિન તેન્દુલકરના રેકોર્ડની દિશામાં ઝડપી આગળ વધી રહ્યો છે. તમામ પૂર્વ મહાન ખેલાડી કહી રહ્યા છે કે તે સચિન તેન્દુલકરના મોટા ભાગના ટેસ્ટ અને વનડે રેકોર્ડ તોડી દેશે. જે રીતે અને જે ગતિથી તે આગળ વધી રહ્યો છે તે જોતા સચિનના રેકોર્ડને તોડી નાંખવામાં વધારે સમય લેશે નહીં. વનડે અને ટેસ્ટ ક્રિકેટમાં તેના ધરખમ બેટિંગ દેખાવના કારણે હવે માત્ર મેદાનમાં જ નહીં બલ્કે એવોર્ડમાં પણ તે સપાટો બોલાવી ચુક્યો છે. વિરાટ કોહલીએ છેલ્લે આઇસીસી એવોર્ડ કાર્યક્રમમાં પણ સપાટો બોલાવી દીધો છે. ટીમ ઇન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીએ ક્રિકેટના ત્રણેય મોટા એવોર્ડ જીતી લીધા હતા. વિરાટ કોહલી આઇસીસી ક્રિકેટર ઓફ ધ યર, આઇસીસી ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યર અને આઇસીસી વન ડે ક્રિકેટર ઓફ ધ યરનો એવોર્ડ જીતી લીધો હતો.ક્રિકેટ ઇતિહાસમાં પ્રથમ વખત બન્યુ છે જ્યારે કોઇ એક ખેલાડીએ ત્રણેય એવોર્ડ પોતાના નામ પર કરી દીધા છે. આઇસીસી દ્વારા મંગળવારના દિવસે એવોર્ડ જાહેર કર્યા હતા. યુવા ક્રિકેટમાં વિરાટ કોહલી તમામના ફેવરીટ સ્ટાર તરીકે ઉભરી આવ્યો છે. વિરાટ કોહલી અંગે ખુબ ઓછા લોકો જાણે છે કે દિલ્હીના રસ્તા પર રમીને તે આગળ વધ્યો છે. ક્રિકેટને લઇને તેના કેઝના કારણે તે આજે આ સ્થાન પર પહોંચી શક્યો છે. તેના કેઝને જોઇને તેના પિતાએ આખરે તેને ક્રિકેટ એકેડમીમાં મુક્યો હતો. જ્યાં કોચ રાજકુમાર શર્મા પાસેથી ટ્રેનિંગ મેળવી હતી. વિરાટ કોહલીએ પોલી ઉમરીગર અને વિજય મર્ચેન્ટ ટ્રોફીમાં રમ્યા બાદ દિલ્હીની ફર્સ્ટ ક્લાસમાં ટીમમાં જગ્યા બનાવી હતી. ત્યારબાદ કોહલીને ભારતની અંડર-૧૯ ટીમના હિસ્સા તરીકે રહેવાની તક મળી ગઇ હતી. લાલચંદ રાજપુતના કોચ તરીકેના ગાળામાં ઇંગ્લેન્ડ અને પાકિસ્તાનનો પ્રવાસ કર્યો હતો. જ્યાં તેની બેટિંગની ખુબ પ્રશંસા થઇ હતી. કોહલી હમેંસા દરેક સ્પર્ધામાં સૌથી વધારે રન કરનાર ખેલાડી તરીકે રહ્યો છે. ભારતની અંડર ૧૯ ટીમમાં પસંદ કરવામાં આવ્યા બાદ કોહલીને ચાર મહિના પછી જ રણજી ટ્રોફીમાં રમવાની તક મળી ગઇ હતી. પોતાના પિતાની મૃત્યુના આગલા દિવસે કોહલીએ ૯૦ રનની અવિશ્વસનીય ઇનિંગ્સ રમી હતી. આની સાથે જ કોહલીને ચારેબાજુ સન્માન મળ્યુ હતુ. વર્ષ ૨૦૧૮માં આઇસીસી અંડર ૧૯ વર્લ્ડ કપમાં તેના નેતૃત્વમાં ભારતીય ટીમ વિજેતા બની હતી. તમામ લોકો જાણે છે કે ઓપનિંગ જોડી સચિન તેન્દુલકર અને વિરેન્દ્ર સહેવાગની ગેરહાજરીમાં તેને રાષ્ટ્રીય ટીમમાં રમવાની તક મળી હતી. કોહલીએ ૧૮મી ઓગષ્ટ ૨૦૦૮ના દિવસે ભારતીય ક્રિકેટ ટીમમાં એન્ટ્રી કરી હતી. પોતાની કેરિયરની શરૂઆતમાં તેને કેટલાક ઉતારચઢાવની સ્થિતીનો સામનો કરવો પડ્યો હતો. ખરાબ ફોર્મ હોવા છતાં વિરાટ કોહલીએ પોતાની ટેકનિકના કારણે મક્કમ રહ્યો હતો. વર્ષ ૨૦૧૧માં તે બેટ્સમેનોની યાદીમાં બીજા સ્થાને પહોંચી ગયો હતો. આ જ વર્ષે તે ટેસ્ટ ક્રિકેટમાં પણ એન્ટ્રી કરી ગયો હતો. વર્ષ ૨૦૧૪માં ધોનીએ ટેસ્ટ કેપ્ટન પદ છોડી દીધા બાદ કોહલીને ટેસ્ટ કેપ્ટન તરીકેની જવાબદારી સંભાળી લીધી હતી. વર્ષ ૨૦૧૭માં તે વનડે અને ટ્વેન્ટી ક્રિકેટમાં કેપ્ટન બની ગયો હતો. વિરાટ કોહલીને રન મશીન તરીકે ગણવામાં આવે છે. વિશ્વના અનેક ધરખમ ખેલાડીઓ આજે દાવો કરી રહ્યા છે કે વિરાટ કોહલી આજે આધુનિક સમયના ડોન બ્રેડમેન તરીકે છે. પાંચમી નવેમ્બર ૧૯૮૮ના દિવસે જન્મેલા વિરાટ કોહલીએ શિસ્તના મામલે પણ દાખલા બેસાડ્યા છે. મેદાન પર તે ખુબ આક્રમક ખેલાડી તરીકે છે. જો કે મેદાનની બહાર ખુબ શિસ્તમાં રહે છે. થોડાક સમય પહેલા જ થોડાક સમય માટે પ્રેમમાં રહ્યા બાદ આખરે અભિનેત્રી અનુષ્કા શર્મા સાથે લગ્ન કરી લીધા હતા. કોહલી હાલના સમયમાં સમગ્ર વિશ્વમાં સૌથી મોટી સેલિબ્રિટી તરીકે છે.



વિરાટના વિરાટ આંકડા

નામ	: વિરાટ કોહલી
જન્મ તારીખ	: પાચમી નવેમ્બર ૧૯૮૮
જન્મ સ્થળ	: દિલ્હી, ભારત
નીક નેમ	: ચિકુ
હાઇટ	: પાંચ ફુટ નવ ઇંચ
બેટિંગ સ્ટાઇલ	: રાઇટ હેન્ડ
બોલિંગ સ્ટાઇલ	: રાઇટ આર્મ મિડિયમ
રોલ	: બેટ્સમેન
ટેસ્ટ પ્રવેશ	: ૨૦મી જુન ૨૦૧૧ (વિન્ડીઝ)
વનડે પ્રવેશ	: ૧૮ જાન્યુઆરી ૨૦૦૮ (શ્રીલંકા)
શર્ટ નંબર	: ૧૮
ટેસ્ટ-વનડે	: ૭૭-૨૧૯
ટેસ્ટ-વનડે રન	: ૬૬૧૩-૧૦૩૮૫
ટેસ્ટ-વનડે એવરેજ	: ૫૩.૭૬-૫૯-૬૮
ટેસ્ટ-વનડે સદી	: ૨૫-૩૯
ટેસ્ટ-વનડે અડધી સદી	: ૨૦-૪૮

ક્રિકેટ, જાહેરાત મારફતે જંગી રેકોર્ડ આવક...

વિરાટ કોહલીએ આજે ક્રિકેટની દુનિયામાં અનેક રેકોર્ડ પોતાના નામ પર કરી લીધા છે. સાથે સાથે કમાણીના મામલે પણ તે વિશ્વના ટોપ ખેલાડીઓમાં સામેલ રહ્યો છે. તેની કમાણીની વાત કરવામાં આવે તો તે ક્રિકેટમાંથી જંગી આવકની સાથે સાથે જાહેરાતોમાંથી પણ તે જંગી આવક મેળવી રહ્યો છે. વિરાટ કોહલી આજે ક્રિકેટની સાથે સાથે અનેક બિઝનેસ કારોબારમાં પણ ઝંપલાવી ચુક્યો છે. હાલમાં તે ૨૦થી પણ વધારે જાહેરાતોમાં કામ કરી રહ્યો છે. ઇએસપીએન દ્વારા વિશ્વના સૌથી લોકપ્રિય અને જાણીતા એથલિટોની યાદીમાં પણ તે સ્થાન મેળવી ચુક્યો છે. ક્રિકેટ કેરિયરની સાથે સાથે એફસી ગો એનમાં તે માલિકી ધરાવે છે. ફોર્બ્સ દ્વારા સૌથી લોકપ્રિય અને મોંઘા એથલીટ તરીકે ફોર્બ્સ દ્વારા જે યાદી જાહેર કરવામાં આવી હતી તેમાં તે સ્થાન મેળવી ગયો હતો. વર્ષ ૨૦૧૮માં તે સમગ્ર વિશ્વમાં સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં પણ સ્થાન મેળવી ગયો હતો. કોહલી પંજાબી હિન્દુ પરિવારમાં જન્મ્યો હતો. તેના પિતા પ્રેમ કોહલી ક્રિમીનલ લોયર તરીકે કામ કરતા હતા.

દક્ષિણ ભારતનું ચેરાપુંજી એટલે વાલપરાઈ

વર્નાલ્ડ સેવન્થ હેવન તરીકે ઓળખાતા વાલપરાઈમાં પ્રાકૃતિક સુંદરતા કરતાં વિશેષ કંઈ નહીં હોવા છતાં આ ન્યુ ડેસ્ટિનેશન ધીરે-ધીરે વધુ ને વધુ ટૂરિસ્ટોને ખેંચી રહ્યું છે

ક્રિસમસનું વેકેશન આમ તો ક્યારનું પૂરું થઈ ગયું છે, પરંતુ જો તમે ઑફ પિરિયડમાં એટલે કે અત્યારે જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં ફરવા જવાનું વિચારી રહ્યા હો તો વાલપરાઈ ટ્રાય કરી શકાય છે. મોટા ભાગના લોકોને માટે વાલપરાઈ નવું નામ છે તેમ જ એના વિશે ઘણાને ખબર પણ નથી. વાંધો નહીં, આજે આપણે એના વિશે જ વાત કરવાના છીએ. નામ પરથી ઘણાને અંદાજ તો આવી જ ગયો હશે કે આ કોઈ સાઉથનું સ્થળ છે. હા... આ સ્થળ સાઉથમાં જ આવેલું છે. તામિલનાડુના કોઇમ્બતુરમાં વાલપરાઈ સ્થિત છે જે અહીંનું એક હિલ-સ્ટેશન પણ છે. એક મિનિટ એક મિનિટ... તમને થતું હશે કે અત્યારે ઠંડીમાં વળી હિલ-સ્ટેશન પર કોણ જાય? એક તો ઠંડીનો વધી રહેલો પારો અને બીજી તરફ હિલ-સ્ટેશન પર જવાનો વિચાર... યે બાત કુછ હજમ નહીં હુઈ... તો ચાલો આગળ થોડી માંડીને વાત કરીએ.

આગળ કહ્યું એમ વાલપરાઈ તામિલનાડુના કોઇમ્બતુર વિસ્તારમાં આવેલું નાનકડું પણ ગમતીલું એવું હિલ-સ્ટેશન છે. પ●મ ઘાટની અન્નામલાઈ હિલ પર આવેલું વાલપરાઈ સમુદ્રની સપાટીથી ૩૫૦૦ ફીટ ઊંચે આવેલું છે. પ્રદૂષણથી મુક્ત અને શહેરથી દૂર એવા વાલપરાઈમાં દૂર-દૂર સુધી ફક્ત ને ફક્ત લીલા રંગની ચાદર ઓઢીને બેસેલાં પવર્તોષ અને વિશાળ જંગલો જ જોવા મળશે. ઍડ્વેન્ચર પ્રિય ટૂરિસ્ટોને અહીં સુધી આવવાનો માર્ગ ખૂબ ગમશે, કારણ કે અહીંના રસ્તા હેરપિન બેન્ડ્સ (હેરપિનના આકારના જેવો વળાંકવાળો રસ્તો) જેવા છે એટલે કે



નીચેથી ઉપર વાલપરાઈ સુધી જતાં વચ્ચે ૪૦ હેરપિન બેન્ડ્સ આવે છે. એટલે પ્રવાસ કેટલો થિશલથી ભરેલો હશે એનો અંદાજ મળી ગયો હશે. પરંતુ ઉપર પહોંચ્યા પછી કુદરતી સૌંદર્યથી છલોછલ અને ગ્રીનરીથી ભરપૂર વાલપરાઈ મુસાફરીનો બધો થાક ઉતારી દેશે. એક તો વાલપરાઈ ઊંચાઈ પર આવેલું છે, જેને લીધે કોઇમ્બતુરમાં સૌથી વધુ વરસાદ નોંધાવે છે; જેથી અહીં હરિયાળીની કોઈ કમી નથી તો બીજી તરફ અહીં મોટા ભાગનો એરિયા ચાના બગીચાથી આચ્છાદિત છે જેથી અહીં ગ્રીન સિવાય બીજો કોઈ રંગ જોવા મળશે નહીં. ચા અને કૉફીનો વાલપરાઈ સાથેનો નાતો વર્ષો જૂનો છે. ૧૮૪૬ની સાલમાં અહીં પ્રથમ વખત કૉફીનું પ્લાન્ટેશન હાથ ધરવામાં આવ્યું હતું. અને આજે આ ચા અને કૉફી અહીંના અર્થતંત્રનો મુખ્ય આધાર છે. અહીં રહેતા મોટા ભાગના લોકો આ જ ક્ષેત્રની સાથે જોડાયેલા છે. આ સ્થળને ટૂરિસ્ટ ડેસ્ટિનેશન તરીકે વધુ વિકસાવવા માટે સરકાર ટૂરિસ્ટ ડિપાર્ટમેન્ટની સાથે મળીને પ્લાન ઘડી રહી છે. તામિલનાડુમાં હોવાથી સ્વાભાવિક રીતે અહીંની ઑફિશ્યલ ભાષા તામિલ છે. તેમ જ જનસંખ્યા ૭૦,૦૦૦ની આસપાસ છે. હવે મૂળ સવાલ પર આવીએ કે ઠંડીની સીઝનમાં અહીં આવવાનું કેમ વિચારાય? તો એનો જવાબ એ છે કે અહીં આમ તો બારે મહિના ખુશનુમા વાતાવરણ રહે થ્થછે, પરંતુ ઠંડીની મોસમમાં પણ અહીંનું તાપમાન સહન થઈ શકે એવું સૌમ્ય હોય છે. એથી શિયાળામાં અહીં ફરવાની મજા આવે છે. બીજું કારણ એ કે સાઉથમાં આવેલાં અન્ય આવાં જ સમાન ફીચર ધરાવતાં ડેસ્ટિનેશન જેવાં કે કોડાઈકેનાલ, કુર્ગ, ઊટી વગેરે પીક અને ઑફ સીઝનમાં પણ ટૂરિસ્ટોથી ભરાયેલાં હોય છે તેમ જ આ સ્થળો હવે પૉકેટ-ફ્રેન્ડ્લી પણ રહ્યાં નથી એવા સમયે વાલપરાઈ બેસ્ટ ડેસ્ટિનેશન ઑપ્શન તરીકે જોવા મળે છે. ઓછા બજેટની સાથે થોડા શાંતિભર્યા વાતાવરણમાં ફરવા માગતા ટૂરિસ્ટો માટે વાલપરાઈ બેસ્ટ રહેશે. કુદરતી સૌંદર્ય, લીલોતરી તથા ચા અને કૉફીના પ્લાન્ટેશન ઉપરાંત અહીં વાઇલ્ડલાઇફ, ડૅમ, વૉટરફૉલ્સ પર પણ ફરવાની મજા પડશે. આ સિવાય આજની જનરેશનની ફેવરિટ ઍક્ટિવિટી જેવી કે ટ્રેકિંગ, બાઇસાઇકિંલગ અને બર્ડ-વૉચિંગની પણ અહીં ફુલ મજા લઈ શકાય છે.

બેસ્ટ વ્યુ પૉઇન્ટ

અહીંનો પ્રાઇમ અને બેસ્ટ સ્પૉટ અન્નામલાઈ ટાઇગર રિઝર્વનાં પ્રોટેક્ટેડ એરિયામાં આવેલો ગ્રાસ હિલ એરિયા છે, જેની ફરતે પવર્તો અને સુંવાળું ઘાસ છે. અહીં આવવા માટે વાઇલ્ડલાઇફ વૉર્ડન પાસેથી સ્પેશ્યલ મંજૂરી મેળવવી પડે છે. આ એરિયા વાલપરાઈથી ૧૫ કિલોમીટરના અંતરે આવેલો છે જે ઇન્દિરા ગાંધી વાઇલ્ડલાઇફ સૅન્ક્ચ્યુઅરી અને નૅશનલ પાર્કનો એક હિસ્સો પણ છે જ્યાં પ્રાણીઓ મુક્તપણે ફરતાં જોવા મળે છે. જોકે હવે એમની સલામતીને ધ્યાનમાં રાખીને સરકાર સાવધાનીનાં તમામ સંભવ પગલાં લઈ રહી છે. લોમ્સ વ્યુ પૉઇન્ટ પર વાલપરાઈ આવનારા ટૂરિસ્ટો એક વાર તો અચૂક આવે જ છે. અહીંની ખાસિયત એ છે કે આ પૉઇન્ટ પરથી નીચે આવેલો આલિયાર ડૅમ અને પ●મ ઘાટ પર આવેલા પવર્તોનો રમણીય નજારો જોવા મળે છે. અહીં આસપાસના વિસ્તારોમાં નીલગીરી થાર અને મોટી સંખ્યામાં વાંદરા જોવા મળે છે. વાલપરાઈ સુધી જતાં રસ્તામાં થાલનર વૅલી આવે છે. જ્યાંથી શોલયર વૅલી અને વેલોની વૅલીની અદ્ભુત સુંદરતા નજરે ચડે છે. વાલપરાઈમાં ઢગલાબંધ ડૅમ અને ધોધ જોઈને જો



નહાવાની ઇચ્છા થાય તો નજીકમાં કુઝહંગાલ રિવર આવેલી છે જેના ચોખ્ખા અને ઠંડા પાણીમાં ડૂબકી મારવાની ઇચ્છા થાય તો એ પૂરી કઈ લેવી. આ રિવરમાં નહાવા માટે એક જગ્યા નિયત કરેલી છે જ્યાં ટૂરિસ્ટો મન ભરીને સ્નાન કરી શકે છે. કુદરતના ખોળે આકાર પામેલો એવો વધુ એક પૉઇન્ટ છે નાલ્લામુડી પૉઇન્ટ, જેની ટોચેથી નીચે રહેતા અહીંના આદિવાસીઓનાં ઘર, નદી અને વૉટરફૉલ્સ દેખાઈ આવશે. આમ તો વાલપરાઈમાં ખ્રિસ્તી લોકોની વસ્તી ઘણી જૂજ છે તેમ છતાં અહીં થોડાં વર્ષ પૂર્વે એક ભવ્ય ચર્ચનું નર્માિણ કરવામાં આવ્યું હતું. ટી પ્લાન્ટેશનના એરિયાની વચ્ચોવચ આ ચર્ચ બનાવવામાં આવ્યું છે જેનું નામ કરામલાઈ અન્નઈ વેલાનકાની ચર્ચ છે. ગ્રીનરીની વચ્ચે ખડું કરવામાં આવેલું આ ચર્ચ દૂરથી પણ લોકોનું ધ્યાન આકર્ષિત કરે છે. દર વર્ષે સપ્ટેમ્બર મહિનામાં અહીં વાર્ષિક મહોત્સવનું આયોજન થાય છે. આવું જ વધુ એક સુંદર અને પ્રસિદ્ધ મંદિર છે બાલાજીનું, જે કરામલાઈમાં જ આવેલું છે. વાલપરાઈથી ૧૦ કિલોમીટરના અંતરે આવેલું બાલાજી મંદિર ખાનગી ચા કંપનીના માલિકે બનાવેલું છે. મોટા ભાગના ટૂરિસ્ટો અહીં સ્ટૉપ રાખતા જ હોય છે.



વાઓ વાઇલ્ડલાઇફ

વાલપરાઈ ચાર નૅશનલ પાર્કની સાથે બૉર્ડરથી જોડાયેલું છે, જેમાં અન્નામલાઈ ટાઇગર રિઝર્વ?, પરામ્બિકુલમ ટાઇગર રિઝર્વ?, ઇરાવીકુલમ નૅશનલ પાર્ક અને વાઝચલ ફૉરેસ્ટ રિઝર્વનોલ સમાવેશ થાય છે; જેના પરથી અંદાજ લગાવી શકો છો કે અહીં વાઇલ્ડલાઇફ વર્લ્ડ કેટલું જબરદસ્ત હોઈ શકે છે. અહીં હાથી, જંગલી ડુક્કર, ચિત્તા અને અન્ય વાઇલ્ડ પ્રાણીઓ ઠેકઠેકાણે જોવા મળી રહેશે. આ સિવાય નીચેથી ઉપર વાલપરાઈમાં જતાં વચ્ચે ઇન્દિરા ગાંધી ઍરપૉર્ટ વાઇલ્ડલાઇફ સૅન્ક્ચ્યુઅરી પણ આવે છે. અહીં સિંહની જેમ પૂંછડી ધરાવતા વાંદરા, નીલગીરી ગાય, લંગૂર, ગૌર, રૂપાળાં હરણ, સાબર, અવાજ કરતાં હરણ, જંગલી ડુક્કર જોવા મળશે. આ સિવાય માલાબાર લાંબી અને કદાવર ખિસકોલી અહીંનું મુખ્ય આકર્ષણ છે. જોકે છેલ્લા થોડા સમયથી અહીં શિકારની પ્રવૃત્તિ વધી રહી હોવાથી અહીં ઘણાખરા વિસ્તારમાં ટૂરિસ્ટોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. અહીંના વાઇલ્ડલાઇફ વિસ્તારોને ફોટોગ્રાફર્સનું હેવન પણ કહી શકાય છે.



ડૅમ અને વૉટરફૉલ્સ

વાઇલ્ડલાઇફથી મન ભરાઈ જાય તો વાલપરાઈની નજીકમાં થોડા-થોડા અંતરે ત્રણ ડૅમ છે. આલિયાર, શોલયર અને નિરાર ડૅમ. આલિયાર ડૅમ તરફ ટૂરિસ્ટોનો ધસારો વધારવા માટે અહીં નજીકમાં એક પિકનિક પૉઇન્ટ એરિયા બનાવી દીધો છે; જેમાં મિની થીમપાર્ક, ઍક્વેરિયમ અને ગાર્ડન જેવું બનાવી દીધું છે. અહીં બાળકોને આવવું ગમશે. આ ડૅમ જોવા માટે એન્ટ્રી-ફી લેવાઈ છે. તેમ જ ડૅમ જોવા માટે સવારે નવથી સાંજે છ વાગ્યા સુધીમાં આવી શકાય છે. અહીં આવેલો શોલયર ડૅમ એશિયાનો બીજો સૌથી ઊંડો ડૅમ છે જેને જોવા માટે ટૂરિસ્ટો અહીં આવતા હોય છે. આ ડૅમ વાલપરાઈથી વીસ કિલોમીટરના અંતરે છે. આવા સરસ કુદરતી સ્થળે બનેલા ઊંડા ડૅમને જોવા સ્વાભાવિકપણે ટૂરિસ્ટો અહીં આવી પહોંચે છે. આસપાસનાં સ્થળોની વિવિધ જરૂરિયાતો જેવી કે સિંચાઈ, હાઇડ્રો ઇલેક્ટ્રિસિટીનું ઉત્પાદન વગેરેને પૂરી કરવા માટે નિરાર ડૅમ બાંધવામાં આવેલો છે. જંગલની વચ્ચે બનેલા આ ડૅમને ખૂબસૂરતી પણ કુદરતી રીતે મળી છે.

જંગલ ઉપરાંત નજીકમાં આવેલા વૉટરફૉલ્સ અહીંના આકર્ષણમાં વધારો કરે છે. વરસાદ વધુ વરસતો હોવાથી સ્વાભાવિક રીતે અહીં ધોધ પણ હોવા જોઈએ



એવી તમે કરેલી ધારણા સાચી છે. આલિયાર ડૅમ કરતી વખતે સાથે મન્કી ફૉલ્સ કરી શકાય છે. આ બન્ને બાજુ-બાજુમાં જ છે જ્યાં પ્રવેશવા માટે આગળ ચેકપોસ્ટ પર ફી ભરવાની રહેશે. એમાં પણ સવારે ૯ વાગ્યાથી લઈને સાંજે ૬ વાગ્યા સુધી ટૂરિસ્ટોને પ્રવેશ કરવા દેવામાં આવે છે. અહીં પડતો ધોધ વાંદરાની ચાલે પડે છે એટલે કે જેવી રીતે વાંદરાને નીચે ઊતરવું હોય તો તે સામસામેની ડાળી અથવા પથ્થર પર જમ્પ કરીને નીચે આવે છે એવી રીતે આ વૉટરફૉલ ઉપરથી નીચે વહે છે. આ જ કારણસર આ સ્થળનું નામ મન્કી ફૉલ્સ પડી ગયું હતું. અહીંથી વાલપરાઈના ૪૦ હેરપિન બેન્ડ્સ શરૂ થાય છે. શોલયર ડૅમની નજીકમાં અથિરપલ્લી ફૉલ્સ આવે છે જ્યાં ૮૦ ફીટની ઊંચાઈએથી ધોધ વહે છે. આટલી ઊંચાઈએથી નીચે પડતો ધોધ અને બાજુમાં આવેલું ગાઢ હરિત જંગલનું કૉમ્બિનેશન ફોટોગ્રાફી માટે બેસ્ટ સ્પૉટ બને છે. ચિત્રકાલર ભૌગોલિક દંઘકટએ ઘણું મહાવનું સ્થાન ધરાવે છે. અહીંનો વૉટરફૉલ્સ જે અહીંનો સૌથી સુંદર ધોધ છે. અહીં બારે મહિના લીલોતરી અને પાણી જોવા મળે છે. ચેરાપુંજી બાદ આ વિસ્તારમાં સૌથી વધુ વરસાદ નોંધાય છે. અહીં આસપાસ મોટા-મોટા બામ્બુનાં ઝાડ છે. આવી સુંદર કુદરતી ચિત્રકારીને લીધે ચિત્રકાલર ફૉલ્સનો નજારો ખૂબ જ રમણીય બને છે.

કુછ તુફાની કરતે હૈં!

ઍડ્વેન્ચર માટે આજના યંગસ્ટર્સ ઑલવેઝ રેડી હોય છે અને જો એમાં બાઇસિકિંલગ અને ટ્રેકિંગની વાત આવે તો પછી ક્યા કહના... હિલ-સ્ટેશનની સુંદરતાને મન ભરીને માણવી હોય તો બાઇસિકિંલગ સૌથી બેસ્ટ ઑપ્શન રહેશે. વાંકાચૂંકા છતાં વેલ-મેઇન્ટેન્ડ કહી શકાય એવા રસ્તા પર બાઇસિકિંલગ કરતાં આજુબાજુના સુંદર નજારાને માણવાનો આનંદ એક સૌંદર્યપ્રેમી જ જાણી શકે છે. કુદરતી સૌંદર્ય ખૂટતું હોય એમ અહીં આસપાસ આવેલા ચાના બગીચા સૌંદર્યમાં સુગંધનો ઉમેરો કરે છે. અન્નામલાઈ હિલના જંગલમાંથી પસાર થતા અને થોડા સ્લિપરી તેમ જ કઠિન પરંતુ સૌંદર્યથી ભરપૂર એવા રસ્તા પર ટ્રેકિંગ કરવાનો એક લહાવો છે. અહીં બે પ્રકારના ટ્રેકિંગ થાય છે, એક છે સૉફ્ટ ટ્રેકિંગ જેમાં ચાના બગીચામાંથી થઈને ગ્રાસલૅન્ડ પર ટ્રેકિંગ કરવામાં આવે છે; જ્યારે બીજું છે માઉન્ટેઇનિંગ ટ્રેકિંગ જેમાં ઊંચા પહાડો પર ટ્રેકિંગ કરવા મળે છે. પ્રકૃતિની નજીક હોઈ અહીં બર્ડ-વૉચિંગનો પણ ચાન્સ મળી રહેશે. જંગલની અંદર થશસ (ચકલીના જેવું નાનું પક્ષી), ઇગ્રીટ (લાંબી પૂંછવાળો બગલો) અને હૉર્નબિલ પક્ષીના સુમધુર રણકારથી એની આસપાસનો વિસ્તાર રણકી ઊઠે છે વહેલી સવારે અને સાંજના સમયે અહીં જંગલની આસપાસ અનેક પક્ષીઓ જોવા મળે છે. એથી સાથે કૅમેરો લઈ જવાનું ભુલાય નહીં. આ અનુભવ તમારા તન અને મન બન્નેને ફ્રેશ કરી દેશે. પણ એક વાત યાદ રહે, આ જંગલો ગાઢ હોવાથી સાથે ગાઇડ હોવો જરૂરી છે.



જીઆવ ખાતે કંપનીના કેમિકલ્સ કચરાના નિકાલ કરવાના પ્લાન્ટને બંધ કરી દેવાની માંગણી સાથે કાંઠા વિસ્તાર પરિર્તન ટ્રસ્ટના આગેવાનો આજે કલેકટરને આદેવન પત્ર પાઠવ્યું હતું.

ઝેરી કચરો નાંખવા આપેલી જીઆવની જમીન પરનો પ્લાન્ટ બંધ કરવા માંગ

પરિવર્તન ટ્રસ્ટે કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરી

સુરત

જીઆવ સ્થિત કંપનીને અપાયેલી ડિસ્પોઝલ સાઈટ સંદર્ભની શરતોનો ભંગ થતો હોય, આ પ્લાન્ટને કાયમી ધોરણે બંધ કરવા માટે પરિવર્તન ટ્રસ્ટે આજે મોરચો કાઢી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

આવેદનપત્રમાં જણાવ્યા મુજબ કંપનીને મોજે જીઆવના બ્લોક નં.૨૪૪ વાળી સરકારી જમીન પૈકી ૧૮૦૦૦૦ ચોરસ મીટર જમીન કલેક્ટરના હુકમો મુજબ કબજા હક્કની શરતે ફાળવવામાં આવી હતી. જેની શરત નં.૧ મુજબ આ જમીન સંસ્થાને ફેક્ટરીમાંથી નીકળતો કચરો દૂર નાંખવાના હેતુ માટે ખુલ્લા ઉપયોગ માટે આપવામાં આવે છે. આ સિવાય અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. કંપની દ્વારા આ શરતનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવે છે. કચરો નાંખવા માટે ખુલ્લા ઉપયોગ માટે આ જમીન ફાળવવામાં આવી હતી. પરંતુ કંપની દ્વારા આ ઝેરી કચરાને જમીનની અંદર મોટું અને ઉંડુ તળાવ બનાવી દાટવામાં આવે છે. મૂળભૂત કંપની દ્વારા જ્યારે કલેક્ટર પાસે આ જમીનની માંગણી કરવામાં આવી હતી. ત્યારે તેમણે તેમની ફેક્ટરીમાંથી નીકળતો કચરો નાંખવા માટેની માંગણી કરી હતી. જેમાં ફક્ત કચરા શબ્દનો ઉપયોગ કરેલ છે. ઝેરી કચરો એવા શબ્દોનો ઉપયોગ કરેલ નથી માટે કલેક્ટરએ જમીનની ફાળવણી ફક્ત ફેક્ટરીમાંથી નીકળતા કચરાને ખુલ્લા ઉપયોગ માટે ફાળવી હતી. પરંતુ કલેક્ટર તરફથી જમીનની ફાળવણી થતા કંપનીએ ઝેરી કચરાનો નિકાલ આ જમીન પર કરવા માટે જમીનમાં મોટો ખાડો ખોદી કચરાને દાટવામાં આવે છે જે શરતભંગ છે.

તેમજ કલેક્ટર દ્વારા આ જમીન (એ) જયકોલ ઈન્ટરમીડિએટ્સ પ્રા.લિ. (બી) કલર સીન્ચ ઈન્ડ. લિમિટેડ, (સી) પાંડેસરા ડાઈઝ એન્ડ ઈન્ટરમીડીએટ્સ પ્રા.લિ.ને આ ત્રણેય કંપની મળીને કુલ ૧૮૦૦૦૦ ચોરસ મીટર જમીન ફાળવી હતી. પરંતુ કંપનીના સંચાલકોએ આ જમીન કલરટેક્સ ઈન્ડ. લી.ના નામે તબદીલ કરેલ છે. જે કલેક્ટરની શરતોનું ઉલ્લંઘન કરી કરવામાં આવેલ છે. જમીન નવી શરતની હોવા છતાં વગર પરવાનગીએ બાંધકામ કરવામાં આવેલ છે, જે સદંતર ખોટું છે. વળી આ ઝેરી કચરો એક પ્રકારના સ્ફોટક પદાર્થ જ છે જે પણ કલેક્ટરની શરતોનો સરેઆમ ભંગ કરે છે.

કલેક્ટરના સદર હુકમમાં સ્પષ્ટ જણાવેલ ચે કે, સદર જમીનમાં અવાર નવાર સમુદ્રના પાણી ફરી વળે છે જે સી.આર.ઝેડ (કોસ્ટલ રેગ્યુલેશન ઝોન)ના સને ૧૯૯૧ના કાયદાનો સરેઆમ ભંગ થાય છે અને આ કંપની પાસે ઝેરી કચરાના ઉકરડા માટે સી.આર.ઝેડ ક્લીયરન્સ નથી અને પર્યાવરણીય સંમતિપત્રક પણ નથી. કંપનીએ ખોટી રીતે સરકારને ગેરમાર્ગે દોરીને આ ઝેરી કચરાની સાઈડ ઉભી કરેલ છે.

વધુમાં હાલમાં કંપનીના સંચાલકોએ આ ઝેરી કચરો જે જમીનમાં તળાવ ખોદીને ડમ્પ કરવામાં આવેલ છે તેનો સેલ નંબર ૧ સંપૂર્ણ ઝેરી કચરાથી ભરાય જતા આ સેલ પર કેપિંગ કરવામાં આવેલ છે. આ સેલ ઉપર કુલ છોડ ઉગાડી લીલુછમ ઘાસ ઉગાડી તેની ઉપર ફ્લડ લાઈટો લગાડવામાં આવી છે. આ ઝેરી ઉકરડો એક પ્રકારનો જીવતો બોમ્બ ચે. હવે આ જીવતા બોમ્બની ઉપર આ પ્રકારના બાગ અને લાઈટીંગ ડેકોરેશન કરી સરકારી અધિકારીઓ અને લોકોને ઉંધા પાટે ચઢાવી રહ્યા છે અને ન કરે નારાયણ જો નીચે દાટવામાં આવેલ ઝેરી કચરાથી જો કોઈ વિસ્ફોટ થાય તો આ વિસ્તારના લોકની શું હાલત થાય એવી કલ્પના માત્રથી લોકોને ધ્રુજાવી દે છે અને ભોપાલ જેવી મોટી દુર્ઘટના થવાની પૂરેપૂરી સંભાવના રહેલી છે.

છેલ્લા પાંચ વર્ષથી આ પ્લાન્ટ સામે ચાલી રહેલ અહિંસક જનઆંદોલનને તોડવાનો ઈરાદાપૂર્વકનો બાલીશ પ્રયાસ છે. આ હેઝાર્ડ વેસ્ટ પ્લાન્ટની મંજૂરી રદ કરી આ જમીન ખાલસા કરી સરકાર હસ્તક લઈ લેવા જરૂરી કાર્યવાહી કરવાની જરૂર છે.

મોટા વરાછામાં ડબ્બા ટ્રેડિંગના જુગાર પર પોલીસે છાપો માર્યો

શેરબજારમાં ગેરકાયદે ટ્રેડિંગ કરતા બે લોકોની ધરપકડ

સુરત

સુરત શહેરના સીમાડે આવેલા મોટા વરાછા ખાતેના ધર્મનંદન શોપિંગ સેન્ટરમાં ધમધમતી ડબ્બા ટ્રેડિંગના અડ્ડા ઉપર અમરોલી પોલીસે દરોડા પાડી બે વ્યક્તિની ધરપકડ કરી રૂ.૧૬૨૦૦નો મુદ્દામાલ જમ કર્યો હતો અને વધુ કાનૂની કાર્યવાહી પોલીસે હાથ ધરી હતી.

અમરોલી પોલીસે બાતમીના આધારે ધર્મનંદન શોપિંગ સેન્ટર ચોથા માળે દુકાન નં.૨માં દરોડા પાડી ડબ્બા ટ્રેડિંગનો જુગાર રમાડતા મિતુલ રમેશ વસોયા, જયંતી હરિ પાલડીયાની ધરપકડ કરી હતી. અમરોલી પોલીસે કેલ્ક્યુલેટર, લેપટોપ, વાઈફાઈ, ચાર મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧૬૨૦૦નો મુદ્દામાલ જમ કર્યો હતો. આરોપીઓ વિરૂદ્ધ અમરોલી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

સેન્ટ્રલ ઝોન દ્વારા વોર્ડ નં.૧૧માં ગેરકાયદે બાંધકામ તોડી પડાયું

સુરત

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનર અને કાર્યપાલક ઈજનેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૧, નોંધ નં.૨૧૧૧/અ/૨૬, ૨૪૨૭/અ/૧/અ/૧/૨ની મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરૂદ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૨૩/૧/૨૦૧૯ના રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાના સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરિટી સ્ટાફની મદદથી ડીમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમાં માળે આશરે ૬૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા આશરે ૧૫૦ ચો.ફુટ ચણતરની દિવાલ દૂર કરવામાં આવેલ છે. સદર મિલ્કતમાં ડિમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૨૫૦૦૦ વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવેલ છે.

ઊંચી બિલ્ડિંગ પરથી જમીન પર પટકાયેલા મજૂરનું કરૂણ મોત

સુરત

કતારગામ આંબાતલાવડી પેલેડીયમ પ્રાઈડના નવા બંધાતા બિલ્ડિંગમાં ગ્લાસ લગાવવા જતા એક મજૂર નીચે પટકાતા તેનું કરૂણ મોત નીપજ્યું હોવાનો બનાવ કતારગામ પોલીસ મથકમાં નોંધાયો હતો. પોલીસે આઈપીસી ૩૦૪અ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કતારગામ પોલીસ મથકમાં ફરજ બજાવતા હિતેન્દ્ર ઝવેરભાઈએ નોંધાવેલી એક ફરિયાદમાં જણાવ્યું હતું કે, કતારગામ આંબાતલાવડી પાસે પેલેડીયમ પ્રાઈડના નવા બંધાતા બિલ્ડિંગનું કામ ચાલી રહ્યું છે. આ બિલ્ડિંગ ઉત્તર પ્રદેશ આઝમગઢના વતની અને હાલમાં મુંબઈ ખાતે રહેતા વિજય મેવાલાલ ચૌહાણ બાંધી રહ્યા છે. તેમણે બિલ્ડિંગના એલીવેશનના કામ માટે કોઈ સેફ્ટીના સાધનોની સગવડ કરી ન હતી. આ કામ દરમ્યાન તોહીદખાન પઠાણ ઉ.વ.૩૦ બિલ્ડિંગમાં ગ્લાસ ફીટ કરતો હતો. ત્યારે અચાનક નીચે પડી જતા મોત નીપજ્યું હતું. પોલીસે આઈપીસી ૩૦૪ અ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ડિસે. થી માર્ચ કપલ/ફેમીલી ડીલક્ષ પ્રવાસો
રાજ્ય સરકારના કર્મચારીને LTC ની સુવિધા
• સિમલા-મનાલી-ડેલહાઉસી-ચૈપ્પોદેવી
• નૈનીતાલ-મસુરી-કોર્બેટ પાર્ક
• દાર્જિલીંગ-ગંગટોક-લાચુંગ-ચુમથાંગ
• દક્ષિણ ભારત-ઉટી-રામેશ્વર
• સ્પે. કેરાલા સાથે મુન્નાર-થેકડી
• આંદામાન-પોર્ટબ્લેર-હેવલોક
અસારવાવાળા 1950 થી આપની સેવામાં
અખિલભારત ટુર્સ & ટ્રાવેલ્સ પ્રા.લિ.
સ્વતંત્ર હોટલ - વાહન - AIR બુકીંગ
9375527702/03/04/05/06/07
O.26564488 M.9426179642
સુરેન્દ્રનગર M. 7817817692 - 7878617692
www.akhilbharat.in

સૌથી સસ્તી વિમાન યાત્રા
પ્રયોશા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
Ahmedabad @ : 8140194500, M.: 8140194200, Ph.: 079-40056857
Anand-8154947344, 7046301797, Mehsana-8849788935
સ્પે.કેરાલા ₹ 24500/-PP
દિલ્હી-અક્ષરધામ ₹ 9000/-PP
નેપાળ-કાઠમંડુ ₹ 14800/-PP
સ્પે.હનીમુન ટુર ₹ 17200/-PP
₹ 23500/-PP
ઉપરના ભાવ પેકેજમાં 5% GST Extra
prayoshatoursandtravels@gmail.com

તાપી જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક પર્વ સોનગઢ ખાતે ઉજવાશે

વિધાનસભાના અધ્યક્ષના હસ્તે તિરંગો લહેરાવાશે

વ્યારા

આગામી તા. ૨૬મી, જાન્યુઆરીના રોજ સવારે ૦૯:૦૦ કલાકે તાપી જિલ્લાના જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી સોનગઢ ખાતે આવેલી સાર્વજનિક હાઈસ્કૂલના પટાંગણમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદીના હસ્તે ધ્વજવંદન કરી દબદબાભેર ઉજવણી કરવામાં આવશે.

તાપી જિલ્લાના જિલ્લા સમાહર્તા એન.કે.ડામોરના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ૭૦મા પ્રજાસત્તાક પર્વની દબદબાભેર ઉજવણી કરવાનું નકકી કરવામાં આવ્યું છે. પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી સુપેરે પાર પડે એ માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી માટે જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ઘડી કાઢવામાં આવેલા આયોજન મુજબ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો, જિલ્લાની વિવિધ કચેરીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા વિાસની ઝાંખી કરાવતા ટેબ્લોઝ, જિલ્લા પોલીસ તંત્રની પરેડ અને માર્ચ પાસ્ટઆકર્ષણનું કેન્દ્ર બની રહેશે. આ ઉપરાંત જિલ્લામાં વિશિષ્ઠ કામગીરી કરનાર વ્યક્તિ વિશેખો, જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાની, જુદી જુદી કચેરીઓમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓનું પણ રાજય વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદીના હસ્તે પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવશે. સોનગઢ ખાતે યોજાનારી આ જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા માટે જિલ્લાના પ્રજાજનોને જિલ્લા કલેકટર એન.કે ડામોર દ્વારા જાહેર અનુરોધ કરાયો છે.

સચીન અને સરથાણા પોલીસે દારૂ ભરેલી બે કારો ઝડપી પાડી

પોલીસે રૂ.૧૫.૯૦ લાખનો મુદ્દામાલ જમ કર્યો

સુરત

સરથાણા અને સચીન પોલીસે વિદેશી દારૂ ભરેલી બે કાર ઝડપી પાડી રૂપિયા ૧૫.૯૦ લાખનો મુદ્દામાલ જમ કર્યો હતો.

સરથાણા પોલીસે બાતમીના આધારે શ્યામધામ મંદિરની સામે ચાર રસ્તા પાસેથી નંબર વગરની ગાડી ઝડપી પાડી દમણ બનાવટના દારૂના ૧૬૮૦ પાઉટ કિંમત રૂ.૮૪૦૦૦ જમ કર્યા હતા. પોલીસે આરોપી આશિષ રમણ પટેલ (પારડી)ની ધરપકડ કરી હતી. જ્યારે કમલેશ ઉર્ફે પીન્ટુ મહેન્દ્ર યાદવ, રામુ કાકાને વોન્ટેડ જાહેર કરી કુલ રૂ.૭.૮૯ લાખનો મુદ્દામાલ જમ કર્યો હતો.

જ્યારે સચીન પોલીસે સમીન વાંઝ ગામ બ્રીજ પાસેથી સ્કોર્પિયો ગાડી જમ કરી દારૂ-બીયરની ૧૮૯૬ બાટલી-ટીન રૂ.૧,૦૦,૮૦૦ જમ કરી કાર સહિત રૂ.૮,૦૧,૩૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

સચીન પોલીસે આરોપી સંતોષ રઘુનાથ પવારની ધરપકડ કરી હતી. જ્યારે એકને વોન્ટેડ જાહેર કરાયો હતો.

JINDAL VISHWAS · iSC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL · LOTUS · Manaksia Limited · JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
• પોલીકાર્બોનેટ • PVC • ગેલ્વેનાઈઝ
• એલ્યુમીનીયમ • MS • CRC
પતરા તથા પ્લેટ
TATA SHAKTEE GC SHEET
કોરૂગેટેડ, પ્રોફાઈલ & કલર કોટેડ
• ગેલવેનાઈઝ • એલ્યુમીનીયમ • PVC સીટસ
Steel Trading Company
Mugatlal Group
Nr. Krishna Pertrolpump, Udhna main road, Surat
Ph. 0261-2324869, 2344911, M.: 7575882332
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


સુખારામ ઓપ્ટીકલ હાઉસ
ઘોડદોડ રોડ - કામરેજ ચાર રસ્તા - વેસુ
ઓકલી, સીલોટ, ઓક્સીડો, પોલીસ, ટેગ હ્યુયર, બોશ, અરમાની, પ્રાદા, કરેરા, રેબન, સ્ટેપર, ગુચી, પીયર કારદીન, ડી.એન્ડ જી. કલેકશન વિગેરે વ્રાન્ડની ફ્રેમો, ગોગલ્સ, કોસ્મેટીક લેન્સ, B & L કોન્ટેકલેન્સ વિગેરે હાજરમાં મળશે. કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેકટ લેન્સ કલીનિક
ઘોડદોડ રોડ: ચુ/૧-૨-૩-૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત. ફોન : 2666806, મો.- 78744 44876
કામરેજ ચાર રસ્તા: એફ/૬-૭-૮-૯, ધરમ એમ્પાયર, કામરેજ બસ સ્ટેન્ડની સામે, કામરેજ ચાર રસ્તા.૩૯૪ ૧૮૫. મો. - 95127 42045
વેસુ: જી/૨૬-ચુ/૨૬, સોમેશ્વરા સ્કવેર, આગમ હેરીટેજની સામે, સોમેશ્વરા એન્ક્લેવ, વેસુ, સુરત.મો. - 63510 20422

ઉત્તર દિશાથી પવન ફુંકાતા દક્ષિણ ગુજરાતમાં ફરી જોરદાર ઠંડીની અસર

નવસારીમાં ૧૦, વલસાડમાં ૧૧ અને સુરતમાં ૧૫ ડીગ્રી તાપમાન

સુરત

ઉત્તર ભારતમાં કાતિલ હિમ પવનની અસરથી રાજ્યના હવામાનમાં પલટો આવ્યો છે. દક્ષિણ ગુજરાતમાં ઉત્તરીય શીત લહેરની અસરના પગલે ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં વધુ એકથી બે ડિગ્રીનો ઘટાડો થતા ટંડીનો ચમકારો વધ્યો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૨૬.૮ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૫.૫ ડીગ્રી નોંધાયું છે. ગતરોજ ન્યુનતમ તાપમાન ૧૬.૬ ડીગ્રી નોંધાયું હતું. આજે હવામાં ભેજનું પ્રમાણ ૭૧ ટકા અને હવાનું દબાણ ૧૦૧૮.૧ મિલીબાર નોંધાયુ છે. શહેરમાં સવારથી ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૫ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. નવસારીમાં આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૦ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૧.૬ ડીગ્રી નોંધાયું હતું.

ગતરોજની સરખામણીએ આજે નવસારીમાં દોઢ ડીગ્રી ટંડી વધી છે. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૨ ડીગ્રી નોંધાયું છે. આમ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉત્તર દિશાથી ઠંડો પવન ફુંકાવાની સાથે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. આગામી એક બે દિવસ ઠંડી યથાવત રહેશે. ત્યારબાદ તાપમાનનો પારો ધીરે ધીરે વધતો જશે.

દારૂનો ગેરકાયદે વેપલો કરતા બે બુટલેગરોની પાસા કાયદા હેઠળ ધરપકડ કરી જેલમાં ધકેલાયા

૬ ઈસમો વિરુદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરી જેલભેગા કરવા સૂચના

વલસાડ

ગુજરાત રાજયમાં દારૂબંધીના કાયદાનો કડક અમલ થાય તે માટે સરકારશ્રી સતત પ્રયત્નશીલ છે. વલસાડ જિલ્લાની આજુબાજુમાં કેન્દ્રશાસીત પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલી (સેલવાસ) આવેલા છે, જ્યાં દારૂબંધીનો કાયદો લાગુ ન પડતો હોય અમૂક ઈસમો આ કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીમાંથી ગેરકાયદેસર રીતે આ જિલ્લામાં દારૂ ઘુસાડવાના સતત પ્રયત્નો કરતા રહે છે. જેના ઉપર અંકુશ મુકવા માટે ધી ગુજરાત અસામાજિક પ્રવૃતિ પ્રતિબંધક અધિનિયમ-૧૯૮૫(પાસા) હેઠળ કાર્યવાહી કરવા પોલીસ અધિક્ષકને સુચના આપતાં તેમના તરફથી આવા દારૂનો ગેરકાયદેસર વેપલો કરતા ઈસમો (બુટલેગર) ની પાસા એકટ હેઠળની દરખાસ્તને ધ્યાને લઈ જિલ્લા મેજિસ્ટ્રેટ સી.આર.ખરસાણે છેલ્લા દોઢ માસમાં આવા કુલ-૮ ઈસમો ઉપર પાસાના કાયદાનું શસ્ત્ર ઉગામી કડક કાર્યવાહી હાથ ધરી છે.

આવા ઈસમો પૈકી સચીન ગોવિંદ ઠાકરે કે જેના ઉપર ૫(પાંચ) જેટલા ગુન્હા નોંધાયેલા છે, તેઓ જામીન ઉપર છુટી વારંવાર આ પ્રકારનું કૃત્ય કરતા હોય અને આ ૫ ગુન્હાઓમાં પકડાયેલ દારૂની બોટલ નંગ-૬૧૨૩૬, જેની કિંમત રૂા.૫૭,૨૪૦૦૦/- તેમજ વાહનો તથા અન્ય સામગ્રી મળી કુલ રૂા.૧,૩૨,૭૩,૬૦૮/-નો મુદ્દામાલ કબજે કરી પાસા કાયદા હેઠળ ધરપકડ કરી જેલમાં મોકલી અપાયો છે.

જયારે મદન હરીવંશ પાન્ડે કે જેમની સામે ૩ ગુન્હા નોંધાયેલા છે, તેઓ પણ જામીન ઉપર છુટી વારંવાર આ પ્રકારનું કૃત્ય કરતા હોય આ ત્રણ ગુન્હામાં બોટલ નંગ ૪૦,૨૨૪/- કિંમત રૂા.૨૮,૪૫,૨૦૦/-તેમજ વાહનો અને અન્ય સામગ્રી મળી કુલ રૂા.૫૪,૪૬,૨૦૦/-નો મુદ્દામાલ કબજે કરી પાસા કાયદા હેઠળ ધરપકડ કરી જેલમાં મોકલી અપાયો છે.વધુમાં અન્ય ૬ ઈસમો વિરૂધ્ધ પણ પાસા હેઠળ હુકમો કરી તેઓને જેલભેગા કરવા પોલીસ અધિક્ષકશ્રી વલસાડને સુચના આપવામાં આવી હોવાનું જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ દ્વારા જણાવાયું છે.

પાસના બે કાર્યકર્તાઓ દ્વારા અદાલતમાં જામીન અરજી રજૂ

હુમલા કેસમાં બંને આરોપીઓની ધરપકડ કરાઈ હતી

સુરત

મોટા વરાછા શનશાઈન ડોક્ટર હાઉસની પાસે ખોડલધામના પ્રમુખ અને હાર્દિક પટેલ વિરૂદ્ધ અભદ્ર ટિપ્પણી કરવા બદલ થયેલા હુમલામાં પાસના બે કાર્યકર્તાઓની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપવામાં આવ્યા હતા. બચાવ પક્ષના એડવોકેટ યશવંતસિંહ વાળા મારફતે એક જામીન અરજી રજૂ કરવામાં આવી હતી. તેઓની જામીન અરજીની સુનાવણી કોર્ટમાં હાથ ધરાશે.

આ કેસની વિગતો એવી છે કે, ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ નરેશ પટેલ તથા પાસના કન્વીનર હાર્દિક પટેલ વિરૂદ્ધ ફેસબુક પર અભદ્ર ટિપ્પણી કરી હતી. જેની શંકા રાખી ગત તા.૬-૧૨-૨૦૧૭ના રોજ રાત્રે મોટા વરાછા સનશાઈન ડોક્ટર હાઉસ પાસે ફરિયાદી કલ્પેશ દેવાણી પર શંકા રાખી ચપ્પુ વડે હુમલો કરી ઢીક મુક્કીનો માર મારવામાં આવ્યો હતો. અમરોલી પોલીસે આઈપીસી ૩૦૭ તથા રાયોટિંગનો ગુનો નોંધી આરોપી ચંદ્રેશ કાકડીયા તથા સંદીપ ગોયાણીની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યા હતા. બચાવપક્ષના એડવોકેટ યશવંતસિંહ વાળા મારફતે રજૂ કરેલી જામીન અરજીમાં જણાવાયું હતું કે માત્ર લોકસભાની આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખી બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ પાસે કોઈ મુદ્દામાલ રીકવર કરવામાં આવ્યો નથી. આગામી સપ્તાહમાં જામીન અરજીની સુનાવણી હાથ ધરાશે.

હોમિયોપેથિક દવા પીવાથી બાળકનું મોત, પરિવારજનોનો ભારે હોબાળો

સુરત

સુરતના પલસાણા ખાતે હોમિયોપેથિક દવા આપ્યા બાદ વહેલી સવારે ૬ વર્ષના બાળકનું મોત નીપજતા પરિવારજનોએ સ્મીમેર હોસ્પિટલમાં હોબાળો મચાવ્યો હતો. જ્યાં સુધી હોમિયોપેથિક દવા આપનાર તબીબ વિરુધ્ધ કાર્યવાહી નહીં કરવામાં આવે ત્યાં સધી બાળકનો મૃતદેહ સ્વીકારવાનો પરિવારજનોએ ઈંકાર કર્યો હતો.

સુરતના પલસાણા વિસ્તારમા રહેતા કામકાપ્રસાદ યાદવ મીલમાં મજૂરી કામ કરી પોતાના પરિવારજનોનું ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં બે પુત્ર છે. જે પૈકી છ વર્ષીય અંશને ચાર દિવસ અગાઉ ઘર પાસે ચાલી રહેલા કેમ્પમાં હોમિયોપેથિક દવા પીવડાવવામાં આવી હતી. જો કે દવા પીધા બાદ અંશની તબિયત લથડી હતી. ત્યારબાદ પરિવારજનોએ દવા આપનાર તબીબનો સંપર્ક કર્યો ત્યારે તેમણે લીંબુ પાણી પીવડાવવા જણાવ્યું હતુ. જો કે અંશની તબીયત વધુ લથડી પડી હતી. જેથી પરિવારજનોએ અંશને ખાનગી હોસ્પિટલમા સારવાર માટે ખસેડયો હતો. જ્યાંથી વધુ સારવાર માટે તેને સ્મીમેર હોસ્પિટલમા ખસેડવામા આવ્યો હતો.

બે દિવસની સારવાર બાદ વહેલી સવારે અંશનું મોત નીપજતા પરિવારજનોમાં શોકનું વાતાવરણ ફેલાઈ ગયુ હતુ. પરિવારજનોએ હોસ્પિટલમાં હોબાળો મચાવી તબીબ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. જો તેઓની આ માંગ નહી સંતોષાય તો તેઓ દ્વારા મૃતદેહ સ્વીકારવાનો ઈંકાર કરવામાં આવ્યો હતો. દવા આપવાના આગલા દિવસે કેમ્પ કરનાર ગોવિંદ નામના ઈસમ દ્વારા સોસાયટીમા ચિઠ્ઠી અપાઈ હતી. બીજે દિવસે હોમિયોપેથીકની દવા લેવા બોલાવવામાં આવ્યા હતા. આસપાસના પાડોશીઓ સાથે બાળક અંશને તેની માતા લઈને ગઈ હતી. પલસાણા પોલીસે આ બનાવમાં મૃતક બાળકના પરિવારજનોના નિવેદન નોંધવાની કામગીરી શરૂ કરીછે.

સોનગઢના શેરૂલા ફાયરિંગ બટ વિસ્તારમાં પ્રવેશવા પર પ્રતિબંધ

વ્યારા

આગામી તા. ૨૭/૦૧/૨૦૧૯ થી તા. ૦૭/૦૨/૨૦૧૯ સુધી તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ઉકાઈ પોલીસ મથકની હદમાં આવતા શેરૂલાના ફાયરિંગ બટ વિસ્તારમાંસુરત ગ્રામ્યના પોલીસ અધિકારી/કર્મચારીઓની ફાયરિંગ પ્રેકટીશ યોજવામાં આવી છે. આ ગોળીબારની પ્રેકટીશ દરમિયાન આજુબાજુ વસતા પ્રજાજનોની સલામતિ ખાતર તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી. વહોનિયાએ ફાયરિંગ બટ વિસ્તારમાં અનધિકૃત પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જાહેરનામામાં જણાવ્યા અનુસાર આગામી તા. ૨૭/૦૧/૨૦૧૯ થી તા. ૦૭/૦૨/૨૦૧૯ દરમિયાન શેરૂલાના ફાયરિંગ બટ વિસ્તારની આજુબાજુના ૧૦૦૦ મીટર વિસ્તારમાં આજુબાજુ રહેતાકે બહારના કોઈ અનધિકૃત વ્યક્તિઓ અથવા ઢોરમાલિકોને તેમના ઢોર-ઢાંખર લઈ પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે એમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ તરફથી જણાવાયું છે.

શ્રી સુરત મોઢવણિક પંચના ઉપક્રમે સરકારી યોજના સેમિનાર યોજાયો

વિવિધ સરકારી યોજનાઓના લાભો માટે પરિવારોને ફોર્મ પણ ભરી દેવાયા

શ્રી સુરતી મો.વ.સ. પંચ દ્વારા આયોજિત સહકારી વિવિધ યોજનાઓની માહિતી આપી જરૂરીયાતમંદો પાસે ફોર્મ ભરાવ્યા હતા. આમા લગભગ ૪૦૦ થી ૫૦૦ જેટલી વ્યક્તિઓ જેવા કે વિધવા, ત્યકતા, નિરાધાર વૃદ્ધો તથા માં અમૃત યોજના માટે તથા વાત્સલ્ય કાર્ડ માટે એક મીટિંગનું આયોજન રવિવારે સવારે તા.૨૦-૧-૨૦૧૯ ૯ વાગ્યે વી.આર. ખાટીવાલા જ્ઞાતિ પંચની વાડી રૂપનાથપુરા સુરતના સ્થળે એક સુંદર આયોજન થયું હતું. પ્રથમ તો લાભ લેનાર દરેક વ્યક્તિને વિવિધ સરકારી સહાયની માહિતી વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. લગભગ આઠ થી દસ ટેબલ પર વિવિધ સહાયની યોજના વિશે જુદા જુદા ફોર્મ ભરી તથા સરકારી કાયદા મુજબ પુરતા પુરાવા ફોર્મ સાથે સામેલ કરાવવામાં આવ્યા હતા.













વલસાડ જિલ્લાના લોન બાકીદારોની રૂા. ૭૮ કરોડની મિલકતો જપ્ત લઈ કબજો બેંકોના હવાલે

વલસાડ કલેક્ટરની સરફેસી એક્ટ હેઠળ કડક કાર્યવાહીથી લોન બાકીધારકોમાં ફફડાટ

વલસાડ

નેશનાલાઈઝ અને સરકારી બેંકો તથા વિવિધ ફાયનાન્સ કંપનીઓ દ્વારા અપાતી વિવિધ પ્રકારની લોન બાકીદારો દ્વારા નિયત સમયમર્યાદામાં ભરપાઈ ન થવાથી બેંકોનો એન.પી.એ.નો રેશીયો ખુબ ઝડપથી વધી રહ્યો છે. તેવા સમયે વલસાડ જિલ્લામાં પણ વિવિધ બેંકો જેવી કે, બેંક ઓફ બરોડા, યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, દેનાબેંક, યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડીયા, ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ, પંજાબ નેશનલ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, શ્રી રામ સીટી યુનિયન ફાયનાન્સ લી., એસ્પાયર હોક ફાયનાન્સ લી, એયુ સ્મોલ ફાયનાન્સ લી., રેલીગર ફીનવેસ્ટ લી., બેંક ઓફ ઈન્ડીયા, પંજાબ એન્ડ સીંધ બેંક, કોટક મહીન્દ્ર બેંક, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, સીન્ડીકેટ બેંક, અલાહાબાદ બેંક તેમજ બરોડા ગુજરાત ગ્રામીણ બેંક વિગેરે બેંક/ ફાયનાન્સ કંપનીઓએ ઔદ્યોગિક એકમો/ ટ્રેડિંગ કંપનીઓ તથા અન્ય ઈસમોને આપેલી લોનની રકમ ભરપાઈ ન થવાથી ઉકત બેંકો દ્વારા ધી સીક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ- ૨૦૦૨ (સરફેસી એક્ટ)ની કલમ-૧૪ હેઠળ મોરગેજ કરેલી મિલકતોનો કબજો મેળવવા કલેક્ટર કચેરીને ૫૪ દરખાસ્ત કરવામાં આવી હતી. જે પૈકી પાંચ કેસમાં સામાવાળાએ બાકીની રકમ ભરપાઇ કરી દેતાં તેઓના કેસ બેંકને પરત કરવામાં આવ્યા છે. જ્યારે બાકી રહેલી ૪૯ દરખાસ્તોમાં જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી સી.આર.ખરસાણે બેંકની લોન ન ભરનાર ઔદ્યોગિક એકમો જેવા કે, મેસર્સ અશી ઈન્ડસ્ટ્રીઝ-ઉમરગામ, અનુરીટા એન્ટરપ્રાઈઝ-ઉમરગામ, મેસર્સ જર્મન ઈન્ક-વાપી,સાંઈ લો પ્રાઈઝ એન્ડ જનરલ સ્ટોર્સ-વલવાડા, મેસર્સ ગીત પેક પ્રા.લી.-વાપી, મેસર્સ લોરેન્ટ પેકેજીંગ પ્રા.લી., મેસર્સ સાઈરામ ક્રિએશન, મેસર્સ ઓકટોપસ પ્રા.લી-પારડી, ક્રિષ્ના પોલી પ્લાસ્ટ-ચીખલા, મેસર્સ દિવ્યલોક ફાર્મા પ્રા.લી.-વાપી, મેસર્સ એન.જી. મેન્યુફેકચર્સ, મા કૃપા માર્કેટિંગ- વલસાડ, પરફેકટ એન્ટર પ્રાઈઝ-વાપી જેવા ઔદ્યોગિક એકમોની કુલ રૂા.૭૮ કરોડ (ઇઠ્યોતેર કરોડ રૂા.પુરા)ની મિલ્કતોનો કબજો લઈ સદર મિલ્કતો બેંકોને હવાલે મુકવા હુકમ કરવામાં આવ્યા છે.

પ્લાય અને સોફાના ગોડાઉનમાં ભીષણ આગ લાગતા દોડધામ મચી

સુરત

સિમાડા-બીઆરટીએસ નજીક આવેલા મેલડી માતાના મંદિરની સામે આવેલા પ્લાય અને સોફાના ગોડાઉનમાં રાત્રે સાડાનવ વાગ્યા આસપાસ ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ એટલી પ્રચંડ હતી કે દૂર દૂર સુધી ધુમાડા જોઈ શકાતા હતાં. સાથે જ આગની પ્રચંડ જ્વાળાઓ પ્લાયના ગોડાઉનની બાજુમાં આવેલા ગેરેજમાં ફેલાઈ હતી. આગની જાણ ફાયરબ્રિગેડને સ્થાનિક લોકોએ કરતાં ફાયરબ્રિગેડની પાંચ જેટલી ગાડીઓ આગ પર કાબુ મેળવવા ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયાસો હાથ ધર્યા હતાં.

મહારાજા ફાર્મ આગળ લાકડાના ગોડાઉનમાં લાગેલી આગને ત્યાંથી પસાર થઈ રહેલા તુષાર લુણાગરીયાએ જોઈ હતી. જેથી પોલીસ અને ઈમર્જન્સી નંબર ફાયર પર તાત્કાલિક ફોન કરીને સમગ્ર હકીકત કહી હતી. તુષારે જણાવ્યું હતું કે, આગ એટલી વિકરાળ હતી કે આસપાસના લોકોમાં ભયનો માહોલ પેદા થયો હતો. ફાયરબ્રિગેડે આગ પર પાણીનો મારો ચલાવતાં આગ આસપાસમાં આગળ ફેલાતી અટકી હતી. ફાયરના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ત્રણેક કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી. હાલ કુલિંગની કામગીરી ચાલી રહી છે. આગ ક્યા કારણોસર લાગી તે પ્રાથમિક તબક્કે કહેવું મુશ્કેલ છે. પરંતુ શોર્ટ સર્કિટના કારણે લાગી હોય તેવું માનવામાં આવે છે. આ ગોડાઉનમાં ફાયરના સાધનો હતા કે કેમ તે અંગે તપાસ હાથ ધરીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.



સુરત મહાનગરપાલિકા દ્વાર અઠવાગેટ પાસેના વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ પર આજથી ૧૮મો રાષ્ટ્રીય પુસ્તક, બાગાયત તથા શિલ્પ મેળાનો આરંભ કરવામાં આવ્યો છે. મેળાનો આરંભ થતા જ મોટી સંખ્યામાં વિવિધ શાળાની વિદ્યાર્થીનીઓએ પુસ્તકના સ્ટોલની મુલાકત લધી હતી

તાપીમાં જુદા જુદા સ્થળોએ મોતિયા બિંદુ સ્ક્રીનિંગ કેમ્પ

વ્યારા

પ્રાયોજના વહીવટદારની કચેરી, સોનગઢ અને આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, તાપીના સંયુકત ઉપક્રમે તાજેતરમાં વ્યારા તાલુકાના જેસીંગપુરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સ.ગો.હાઇસ્કૂલ, વાલોડ ખાતે મોતિયાબિંદુ સ્ક્રીનીંગ કેમ્પ યોજવામાં આવ્યો હતો.

સ.ગો.હાઇસ્કૂલ વાલોડ ખાતે યોજાયેલા મોતિયાબિંદુ સ્ક્રીનીંગ કેમ્પમાં ૨૨૭ પુરૂષ અને ૨૪૮ મહિલા મળી ૪૭૫ લોકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. ૨૨૭ પુરૂષ પૈકી ૧૯ અને ૨૪૮ મહિલાઓ પૈકી ૩૬ મહિલાઓ મળી કુલ ૫૫ દર્દીઓની આંખમાં મોતિયાબિંદુનું નિદાન કરવામાં આવ્યું હતું.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જેસીંગપુરા ખાતે યોજાયેલા સ્ક્રીનીંગ કેમ્પમાં ૧૮૮ પુરૂષ અને ૨૨૦ મહિલા મળી કુલ ૪૦૮ દર્દીઓની આંખોનું સક્રીનીંગ કરવામાં આવ્યું હતું. ૧૮૮ પુરૂષ પૈકી ૭ અને ૨૨૦ મહિલાઓ પૈકી ૧૪ મળી ૨૧ દર્દીઓની આંખમાં મોતિયાબિંદુ હોવાનું નિદાન કરવામાં આવ્યું હતું. આ સક્રીનીંગ કેમ્પમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી હર્ષદભાઇ પટેલ, રોટરી આલ હોસ્પીટલ, નવસારીના આંખના નિષ્ણાંત ડૉ. જયેશભાઇ ગાંગાણી, અન્ય મેડીકલ ઓફિસરો તથા કર્મચારીઓએ સેવા આપી હતી.

જીએસટીનો તાળો મેળવવા એકાઉન્ટન્ટે વેપારીના નામે ૯૫ લાખની ખોટી એન્ટ્રી દર્શાવી

વર્લ્ડ ટ્રેડ સેન્ટરના એમડીએસ એસોસિએટ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

સુરત

યશ ફેશનના વેપારીનું જીએસટી એકાઉન્ટ સંભાળનાર વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં આવેલી એમડીએસ એસોસિએટે ખોટી એન્ટ્રીઓ બતાવી જીએસટી ટેક્સ સાથેના રૂ.૯૫.૬૮ લાખના વ્યવહારો બતાવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ડીંડોલી રામેશ્વરનગર સોસાયટીમાં રહેતાં વેપારી નાગરાજ ફકીરા પાટીલ, મિતેશ શાહ (એમડીએસ એસોસિએટ્સ વર્લ્ડ ટ્રેડ સેન્ટર રિંગરોડ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓ ફરિયાદીની યશ ફેશનના જીએસટી એકાઉન્ટનો હિસાબ સંભાળતા હતા. આરોપીઓએ ફરિયાદીના જીએસટી નંબર ઉપર ઓનલાઈન ખોટી એન્ટ્રીઓ બતાવી બેંક ખાતામાં એરાઈડ્સ ટ્રેડિંગના બેંક ખાતામાંથી રૂ.૧૭,૨૦,૯૪૯ ક્રિષ્ના ટ્રેડર્સના બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ૩૨ લાખ મળી કુલ રૂા.૪૯,૬૦,૯૪૯ જમા કરાવી રૂ.૪૭,૬૦,૯૪૯ સોનાલી એક્ઝીમ પ્રા.લિ.ના બેંક એકાઉન્ટમાં આરટીજીએસથી ટ્રાન્સફર કરાવી દીધા હતા. આમ આરોપીઓએ જીએસટી સાથેના રૂ.૯૫,૬૮,૫૪૪ના વ્યવહારો ફરિયાદીના નામે બતાવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. બનાવ અંગે સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

માઈક્રો સોફ્ટની તમામ ધ્યેય માટેના આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સમાં પ્રગતિ

૭૧૫ ભાગીદારો એઆઈ ઈકો સીસ્ટમને ટેકો આપવા તૈયાર

સુરત

માઈક્રોસોફ્ટ ઈન્ડીયા આજે આર્થિક અને સામિજક વિકાસને ઉર્જા આપવા માટે દેશમાં એઆઈને લોકતંત્રીય કરવાના તેના ધ્યેયમાં પ્રગિત દર્શાવી રહી છે. દરેક સંસ્થા અને વ્યક્તિના સશક્તિકરણના તેના ધ્યેયના ભાગ રૂપે, માઈક્રોસોફ્ટ એઆઈ કેન્દ્રીત માનવ માટે યોગ્ય પરિસ્થિતિ સર્જવા માટે દેશમાં સમગ્ર જાહેર અને ખાનગી ક્ષેત્રો, નાગરિક સમાજ અને શિક્ષણના સ્ટેકહોલ્ડરો સાથે કાર્ય કરી રહી છે. અનંત મહેશ્વરી, પ્રેસિડન્ટ, માઈક્રોસોફ્ટ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, ભારત માટે નવીનતાની નવી લહેર કંપનીઓની ટેક પરાકાષ્ઠા મારફત આવી રહી છે – તમારી કંપનીની પોતાની વિશિષ્ટ ટેક અને વ્યવસાય ક્ષમતા દ્વારા તમે કેવી રીતે તીક્ષ્ણ ધારદાર ટેકનો ઝડપી સ્વીકાર કરીને જોડાઇ શકો છો. અમે માનીએ છીએ કે એઆઇ ભારતીય વ્યવસાયને સક્ષમ બનાવશે ભારતની પ્રગતિ, ખાસ કરીને શિક્ષણ, કુશળતા, આરોગ્યકાળજી અને ખેતી માટે વધુ સક્ષમ બનાવશે. માઈક્રોસોફ્ટ એ પણ માને છે કે તે સલામતી, ગુપ્તતા, વિશ્વાસ અને ઉત્તરદાયિત્વ અંગે વધુ ઉચ્ચ જાગૃતતા અને ક્ષમતાઓના ઘડતર માટે આવશ્યક છે.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in

આ MARKET4U ની વેલ્યુએડ છે જેમાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. તમને ઇચ્છિત નોકરી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની ઓળખનું વ્યાપક મોટવર્ક કરવામાં સહાયક થઈ શકો છો.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

(PLAN - A)

LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-

માત્ર ૫૫૦/-માં PLAN - A

(PLAN - B)

LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

માત્ર ૩૦૦૦/-માં PLAN - B

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશેષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ

Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.

લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.

પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-

- જે વિદ્યાર્થીઓને મેડીકલમાં ફોર્મ ભરેલાનાર ભરેલ ના હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવો. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને અપીલેબ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સરકારશ્રી દ્વારા ફી રાહત કરવી તે ચાલુ
- ફ્રાઈડ ટ્રાન્સપોર્ટ લેવે ઉપલબ્ધ દૂરદ, સાધુમની તેમજ તાલુકા સ્થાન
- એક જ વિદ્યાલયમાં ૩૫ વર્ષથી ચાલતી ઉમદા ગુજરાતની એકમાત્ર ૩૫૦ પથારી ધરાવતી દૂરદની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ધરાવતી તદ્દન નજીકની જગ્યા
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ વિષયો માટે અલગ વર્ગ અને સુરક્ષા વ્યવસ્થાની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, જુદા જુદા તેમજ ક્રાઈમ પ્રમાણની સુવિધા તેમજ ૨૪-કલાક મોકડ્રીલીટીની સુવિધા
- જુદા જુદા ખાતે હોઈ પોતાના બાળક પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી લેવો.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802





રાજપીપળાની હઝરત નિઝામશાહ દરગાહનો પ્રવાસન ક્ષેત્રે વિકાસ કરવા ટ્રસ્ટી મંડળ-મુસ્લિમ સમાજની માંગ



પ્રવાસન યોજના હેઠળ કમ્પાઉન્ડ વોલ, પેવર બ્લોક, પ્રવાસીઓને રહેવાની સગવડ, પાણી સહિતની સુવિધાઓ વિકસાવવા માંગ

રાજપીપળાઃ નર્મદા જિલ્લામાં દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લોકાર્પણ કરવામા આવ્યું. ત્યારબાદ પ્રવાસન ક્ષેત્રે નર્મદા જિલ્લો વિશ્વમાં પ્રસિદ્ધિ પામ્યો છે, ત્યારે સ્ટેચ્યુ સહિતના આસપાસના કુદરતી સૌંદર્યને નિહાળવા પ્રવાસીઓનો ધસારો વધી રહ્યો છે, જિલ્લામાં આવતા પ્રવાસીઓની સગવડ વધારવા સરકાર દ્વરા રોડ રસ્તાઓ સહિત અનેક સુવિધાઓ ઉભી કરાઈ રહિ છે, અને જિલ્લાના ધાર્મિક સ્થળોનો પણ પ્રવાસન ક્ષેત્રે વિકાસ કરવા સરકાર દ્વરા કરોડો રૂપિયાની ગ્રાન્ટ મંજુર કરવામા આવી છે ત્યારે મુસ્લિમ સમાજ દ્વરા પણ રાજપીપળાની અતિ પ્રસિદ્ધ હઝરત નિઝામશાહ દરગાહનો પ્રવાસન ક્ષેત્રે ગુજરાત સરકારની પ્રવાસન યોજના અંતર્ગત ગ્રાન્ટની ફાળવણી કરી વિકાસ કરવા માંગ ઉઠી છે.

શું શું માંગણી કરાઈ ???!!

- *મઝારની ફરતે ખુલ્લી જગ્યા આવેલી છે જે ફરતે કમ્પાઉન્ડ વોલ*
- *કમ્પાઉન્ડમાં પેવર બ્લોક*
- *પાણીની જરુરીયાતને પોહચી વળવા સબમર્સીબિલ બોર*
- *પ્રવાસીઓને રાત્રિ રોકાણ માટે સ્ત્રી પુરુષો માટે અલાયદા આઠ રૂમ*
- *સુવિધા યુક્ત ટોયલેટ બાથરુમ*
- *પાણીના નિકાલ માટે અંડરગ્રાઉન્ડ ગટર લઈન*

આવેદન માં એમ પણ જણાવ્યુ છે કે આ અંગે અગાઉ પણ દરખાસ્ત કરાઈ હતી પણ આજ દિન સુધી તેનો અમલ થયો નથી

- *પ્રવાસન નિગમના ડિરેકટરને પણ આવેદન સુપ્રત કરાશે*

દરગાહના ટ્રસ્ટી મંડળના પ્રમુખ દિલાવર શૈખ, દિન મહમ્મદ શૈખ, બશીર ખાન પઠાણે જણાવ્યુ હતું કે દરગાહના પ્રવાસન ક્ષેત્રે વિકાસ કરવા બાબતનું આવેદન પ્રવાસન નિગમના ડિરેકટર ગજેન્દ્રસિંહ જાડેજાને પણ સુપ્રત કરવામા આવશે.

૬૦૦ વર્ષ જુની દરગાહ હિંદુ મુસ્લિમ સહિત તમામ ધર્મના લોકો માટે આસ્થાનું કેન્દ્ર...

રાજપીપળા નગરપાલિકાની હદ વિસ્તારમાં આવેલી હઝરત નિઝામશાહ દરગાહ ૬૦૦ વર્ષ જુની દરગાહ છે જ્યાં ગુજરાત ની સૌથી લાંબી મઝાર પણ છે, અહિયા હિંદુ મુસ્લિમ સહિત તમામ લોકોની આસ્થા જોડાયેલ છે અને લોકો નિયમિત હાજરી પણ આપે છે, હાલ નર્મદા જિલ્લાનો મહત્વકાંક્ષિ જિલ્લા તરિકે સરકાર સર્વાંગી વિકાસ કરી રહિ છે, હાલ સ્ટેચ્યુ ઓફ યુનિટી બનવાને કરણે જિલ્લામાં તેમજ દરગાહ પર પ્રવાસીઓનો વધારો થઈ રહ્યો છે, જેથી આ ધાર્મિક સ્થળનો પણ વિકાસ જરુરી છે.

આખરે...'ભારત માલા' પ્રોજેક્ટ સ્થગિત, ખેડૂતોમાં આનંદની લાગણી

નવસારી

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મોટું નિવેદન કર્યું છે અને છેવટે ભારત માલા પ્રોજેક્ટ સ્થગિત રાખવાનો નિર્ણય લેવાયો છે. જેને પગલે ખેડૂતોમાં રાહત થવા પામી છે. અહીં નોંધનિય છે કે, આ પ્રોજેક્ટના વિરોધ માટે આજે નવસારીના વાસદા ખાતે ખેડૂતો આદિવાસીઓ દ્વારા વિશાળ રેલી કાઢવામાં આવી હતી. આ પ્રોજેક્ટ સ્થગિત કરી દેવાતાં ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી છે.

મુખ્યમંત્રીના નિવેદનને આવકારતાં ભારત માલા પ્રોજેક્ટના વિરોધ કર્તા નેતા અનંતભાઈ કહ્યું કે, મુખ્યમંત્રીએ આ પ્રોજેક્ટ પડતો મુક્યો એ માટે એમનો આભાર. આ પ્રોજેક્ટથી દક્ષિણ ગુજરાતના ખેડૂતોને મોટું નુકસાન હતું. જે અમે અટકાવ્યું છે. જો મુંબઈ દિલ્હી કોરીડોર નાંખવામાં આવશે તો એનો પણ વિરોધ કરાશે. અમારી જમીન એ અમારી મા છે. અમે અમારી જમીનથી જ આગળ આવ્યા છીએ. અમે એના પર કોઇ જોહુકમી થવા નહીં દઈએ. અહીં નોંધનિય છે કે, આ પ્રોજેક્ટથી ૭૪ જેટલા ગામોને અસર થવાની દહેશતે આ વિસ્તારના ખેડૂતો, આદિવાસીઓમાં ભારે કચવાટ પ્રસર્યો હતો અને આ મામલે વિરોધ પ્રદર્શિત કરવા માટે આજે વિશાળ રેલી નીકળી હતી.

ગેલેરીમાંથી છ માસની બાળકી માતાના હાથમાંથી છટકી, પટકાતા મોત

સુરત

સુરતમાં હચમચાવી દે એવો કિસ્સો બન્યો છે. જેમાં ત્રીજા માળની ગેલેરીમાં છ માસની બાળકીને લઈને ઉભેલી માતાના હાથમાંથી બાળકી છટકી ગઈ હતી. જે નીચે પટકાતા ગંભીર રીતે ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવી હતી. જોકે, તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અંગે પાંડેસરા પોલીસે ગુનો નોંધીને તપાસ હાથધરી હતી.

મળતી માહિતી પ્રમાણે સુરતા પાંડેસરાના ગણપત નગર વિસ્તારમાં એક પરિવાર રહે છે. ગુરુવારે છ માસની બાળકીને લઈને માતા ત્રીજા માળની ગેલેરીમાં ઊભી હતી. ગેલેરીમાં ઊભી ઊભી માતા બાળકીને રમાડી રહી હતી. જોકે, અચાનક માતાના હાથમાંથી બાળકી છટકી ગઇ હતી. જેથી તે નીચે પટકાઇ હતી. જેના કારણે બાળકીને ગંભીર રીતે ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત બાળકીને તરતજ સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જોકે સારવાર મળે તે પહેલા બાળકી મોતને ભેટી હતી. રમાડતા રમાડતા બાળકીને મોતના મુખમાં ધકેલાઈ જતાં માતા હેબતાઇ ગઇ હતી.

૯ વર્ષની બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ થતાં ખળભળાટ

સુરત

સુરતમાં ફરી એક વખત ૯ વર્ષની બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ થતાં ચકચાર મચી ગઇ છે. અહીંના વિસ્તારમાં બિલ્ડીંગમાં કામ કરતા મજૂરે ૯ વર્ષની બાળકીનું મોઢું દબાવી દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો. જેથી બાળકીએ બૂમાબૂમ કરી હતી. ત્યારે નજીકમાં રહેતા મજૂરો ત્યાં દોડી આવતા નરાધમ બાળકીને મુકી ભાગી ગયો હતો. ખટોદરા પોલીસે નરાધમ અભિમન્યુ સામે છેડતી અને પોક્સો એકટ હેઠળ ગુનો નોંધ્યો છે.

વેસુ વિસ્તારમાં શ્રમિક પરિવારની ૯ વર્ષની બાળકીનું મોઢું દબાવીને દુષ્કર્મનો પ્રયાસ કરવામાં આવ્યો છે. નવી બંધાતી બિલ્ડિંગમાં કામ કરતા મજૂરે ૯ વર્ષની બાળકીનું મોઢું દબાવી દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો. જેથી બાળકીએ બૂમાબૂમ કરી હતી. ત્યારે નજીકમાં રહેતા મજૂરો ત્યાં દોડી આવતા નરાધમ બાળકીને મુકી ભાગી ગયો હતો. ખટોદરા પોલીસે નરાધમ અભિમન્યુ સામે છેડતી અને પોક્સો એકટ હેઠળ ગુનો નોંધ્યો છે.

રાજપીપળા નગરપાલિકા દ્વારા એક બાદ એક પૈસાની વસૂલી બાબતે કડક થતા ચીફ ઓફિસર

શોપિંગ સેન્ટરની ૪૦ દુકાનોના ભાડાની વસુલાતની નોટિસ બાદ ટાઉનહોલની જગ્યાના લાખો રૂપિયા બાકી ભાડું વસૂલવા કવાયત

ટાઉનહોલની જગ્યાના બાકી ભાડા માટે કડક શબ્દોમાં સૂચના આપ્યા બાદ તાત્કાલિક ૫૫ હજારની ભરપાઈ

રાજપીપળા : રાજપીપળા નગરપાલિકાના ચીફ ઓફિસર અમિત પંડ્યાએ ત્રીજું નેત્ર ખોલ્યું અને એક બાદ એક બાકી લેણાંની રકમ વસૂલવા માટે કવાયત શરુ કરતાજ પાલિકાના પૈસા દબાવી બેઠેલા લોકો દોડતા થયા હતા.

બે દિવસ પહેલાજ નગરપાલિકા શોપિંગ સેન્ટરની ૪૦ દુકાનોના લાખો રૂપિયાના બાકી ભાડા બાબતે અમિતભાઈ પંડ્યાએ લાલ આંખ કરતા તમામ દુકાનદારો દોડતા થયા હતા અને અમુકે બાકી પૈસા જમા પણ કર્યા ત્યારબાદ પાલિકાના ટાઉનહોલમાં આગળના ભાગે કપડાના સેલની દુકાનનુ ભાડું પણ ઘણા સમયથી બાકી હોવાનું સી ઓ ના ધ્યાન પર આવતાજ એ વ્યક્તિને રૂબરૂ બોલાવી ચીફ ઓફિસરે કડક શબ્દોમાં સૂચના આપતા તાત્કાલિક બાકી ભાડા પેટે ૫૫ હજારની રકમ ભરપાઈ કરી હતી આમ એક બાદ એક સ્થળ પર રૂબરૂ કે નોટિસ મારફતે કાયદા મુજબ કામ કરતા પાલિકાના નીડર અને ઈમાનદાર ચીફ ઓફિસરે નગરપાલિકાનો ચાર્જ સંભળતા જ આળસુ કર્મચારીઓ સહીત પાલિકાને પોતાની જાગીર સમજી બેઠેલા અમુક લોકોને કુંભકર્ણની નિદ્રા માંથી જગાડ્યા હતા .જો આજ રીતે યોગ્ય વહીવટ હોય તો આવનારા દિવસોમાં પાલિકાના માથે આવેલું કરોડોનું દેવું ઘણું ઓછું થશે એમ લાગી રહ્યું છે.

નર્મદા જિલ્લાના દરેક ગામોને ગ્રામપંચાયતનો દરજ્જો આપવા કલેકટરને રજુઆત



રાજપીપળાઃ ભારતના બંધારણ અને ગુજરાત પંચાયત ધારો ૧૯૯૩ મુજબ નર્મદા જિલ્લાના દરેક ગામોને ગ્રામ પંચાયતનો દરજ્જો આપવા નર્મદા જિલ્લા આદિવાસી મૂળ નિવાસી સંગઠને ગુજરાતના મુખ્યમંત્રી, રાજ્યપાલ, પંચાયત ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી સહિત ઉચ્ચ અધિકારીઓને સંબોધતુ આવેદનપત્ર નર્મદા જિલ્લા કલેકટરને સુપ્રત કર્યું છે.આ આવેદનપત્ર આપતી વેળાએ રાજપીપળા પાલિકા પૂર્વ પ્રમુખ મહેશ વસાવા, કુંવરપરા ગ્રામપંચાયત સરપંચ નિરંજન વસાવા સહિત મોટી સંખ્યામાં સરપંચો અને ગ્રામજનો ઉપસ્થિ રહ્યા હતા.

પોતાના આવેદનપત્રમાં જણાવ્યું હતું કે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૭ ની પેટા કલમ (૧) મુજબ અનુસૂચિત વિસ્તારોમાં વસાહતો, વસહતોના સમૂહો,નાના ગામો, પરાઓ, ફળિયાઓ અને મુવાડાઓને પણ સ્વતંત્ર ગામનો દરજ્જો આપવાનો રહેશે એવી કાયદાકીય જોગવાઈ કરવામાં આવી છે.ભારતના બંધારણની કલમ ૨૪૩(ખ) મુજબ દરેક રાજ્યમાં ગામ કક્ષાએ ગ્રામ પંચાયતની રચના કરવા માટે જોગવાઈ કરી છે.ગુજરાત પંચાયત અધિનિયમમાં બે અથવા બે થી વધુ સંયુક્ત ગામો માટે ગ્રુપ ગ્રામપંચાયતની રચના કરવા અંગેની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી.નર્મદા જિલ્લામાં ભારતીય બંધારણ અને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની જોગવાઇનું ઉલ્લંઘન બે અથવા બે થી વધુ સંયુક્ત ગામોની ગ્રુપ ગ્રામપંચાયતની રચના કરવામાં આવી છે,જે રદ્દ થવી જોઈએ.તો બીજી બાજુ આ કારણે ગ્રુપ ગ્રામ પંચાયતના ગામોના લોકો વચ્ચે ઝઘડાઓ થાય છે વિવાદ ઉભો થાય છે. સ્વતંત્ર ગામોની ગ્રામપંચાયતની સરખામણીમાં ગ્રુપ ગ્રામપંચાયતના ગામોનો ઓછો વિકાસ થયો છે.જેથી વહેલામાં વહેલી તકે નર્મદા જિલ્લાના આવા ૩૧૪ ગામોને સ્વતંત્ર ગ્રામપંચાયતનો દરજ્જો મળી રહે એવી અમારી વિનંતી છે.

નર્મદા જિલ્લામાં ભારતીય બંધારણ અને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની જોગવાઈનું ઉલ્લંઘન બે અથવા બે થી વધુ સંયુક્ત ગામોની ગ્રુપ ગ્રામપંચાયતની રચના કરવામાં આવી હોવાનો આક્ષેપ

અંક્લેશ્વર ને.હા.નં-૪૮ ઉપર મીની બસમા સંતાડી લઇ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ નાઓની સુચના મુજબ ભરૂચ એલ.સી.બી ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર કે.જે.ધડુક નાઓના માર્ગદર્શન હેઠળ તથા ભરૂચ એલ.સી.બી ના પો.સ.ઈ એ.એસ.ચૌહાણ તથા સ્ટાફ ના પોલીસ માણસો દારૂ ની હેર ફેર અટકાવવા સારૂ ને.હા.નં-૪૮ ઉપર પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન એલ.સી.બી ના અ.પો.કો. અજયભાઈ રણછોડભાઈ ને મળેલ બાતમી આધારે ને.હા. નં-૪૮ ઉપર અંક્લેશ્વર વાલીયા ચોકડી ઓવરબ્રીજ ના ઉત્તર છેડા ઉપર વોચ મા હતા તે દરમ્યાન બાતમી હકીકત મુજંબ,ની મીની બસ નંબર-૪-૦૬-ઈ)/-૦૭૭૧ ની સુરત તરફથી આવતા બસને રોકાઇ જવા ઇશારા કરતા બસ ના ચાલકે ભરૂચ તરફ ના રોડ ઉપર પુરઝડપે બસ હંકારી મુકેલ જેથી એલ.સી.બી ની ટીમે ખાનગી વાહનો મારફતે બસ નો પીછો કરતા બસ નો ચાલક હાઈવે રોડ ઉપર ઈમ. કંપની સામે બસ મુકી નાસી ગયેલ જે પકડાયેલ નહી તેમજ મીની બસ મા તપાસ કરતા જુદી-જુદી બનાવટ ની વિદેશી દારૂ તથા બિયર ની પેટીઓ નંગ- ૧૨૩ જેમા ભરેલ કુલ બોટલ નંગ-૫૧૮૧ જેની કુલ કી.રૂ.૦૫,૩૨,૫૦૦/- ની મળી આવતા દારૂ ની બોટલો તથા મની બસ મળી કુલ કી.રૂ.૧૨,૩૨,૫૦૦/- નો મુદ્દામાલ વધુ તપાસ અર્થે કબ્જે કરવા મા આવેલ છે અને અંક્લેશ્વર શહેર પો.સ્ટેમા નાસી જનાર બસ ના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરવા મા આવેલ છે.

For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort
SILVASSA
24 acres of sheer luxury
Treat Water Park
A mind-blowing leisure spot
• 24 Acres Landscaped Gardens
• 194 Luxurious Rooms • Water Park
• Colorful Fountains • Wellness Spa
• Cricket/ Football Indoor Games
• Entertainment Programs
• 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS
✦ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
✦ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
✦ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
✦ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
✦ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
✦ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
✦ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
✦ એકસકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
✦ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
✦ શેતરંજી ✦ આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકુંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

IND VS NZ : બીજી વનડે મેચમાં હળવદની દીકરી હનાહ રાવલ ટોસ ઉછાળશે

હળવદ મૂળનો રાવલ પરિવાર ન્યુઝીલેન્ડમાં થયો છે સ્થાયી



ક્રિકેટની રમત સમગ્ર દેશમાં લોકપ્રિય છે અને ભારતની ટીમ જ્યારે વિદેશી ધરતી પર રમવા પહોંચી હોય ત્યારે ક્રિકેટપ્રેમીઓનો લાઈવ મેચ નિહાળવા માટે ગમે તેમ કરીને સમય કાઢી લેતા હોય છે ત્યારે હાલ ભારત ન્યુઝીલેન્ડના પ્રવાસે છે જેની પ્રથમ ટેસ્ટ મેચ જીતી ભારતે સરસાઈ પ્રાપ્ત કરી છે ત્યારે ગુજરાતીઓ માટે બીજા ખુશી સાથે ગર્વના સમાચાર મળી રહ્યા છે જેમાં બીજી વનડે મેચમાં હળવદ મૂળના રાવલ પરિવારની દીકરી ટોસ ઉછાળશે.

મૂળ હળવદના વતની અને વર્ષ ૨૦૦૭ થી ન્યુઝીલેન્ડમાં સ્થાયી થયેલા નિલયભાઈ રાવલ ન્યુઝીલેન્ડની સીટીઝનશીપ ધરાવે છે તેઓ હાલ ન્યુઝીલેન્ડમાં બિઝનેશ કરી રહ્યા છે તેની દીકરી હનાહનો જન્મ ૨૦૧૦ માં થયો હતો અને માત્ર નવ વર્ષની દીકરીએ ANZ બેંકની કોમ્પીટીશનમાં ભાગ લીધો હતો જેમાં તે વિજેતા બની છે અને આ બેંક હાલ ન્યુઝીલેન્ડમાં રમાઈ રહેલી વનડે સીરીઝમાં મુખ્ય સ્પોન્સર છે જેથી હનાહ રાવલને ટોસ ઉછાળવાનો સોનેરી અવસર પ્રાપ્ત થયો છે

મૂળ ગુજરાતના મોરબી જીલ્લાના હળવદના વતની એવા ધનશ્યામભાઈ રાવલ પરિવારની દીકરી હનાહ રાવલ ઈન્ડિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચે યોજાનાર બીજી વનડે મેચમાં ટોસ ઉછાળશે અને હળવદ પંથક તેમજ મોરબી જીલ્લા સાથે સમગ્ર દેશના નાગરિકો ગર્વની અનુભૂતિ કરશે ત્યારે પ્રથમ વનડે મેચની જીતની ખુશી બેવડાઈ જવાની છે અને બીજી વનડે મેચ નિહાળવા તૈયાર ક્રિકેટ રસિકોને કોઈન ટોસ સમયે જ અનેરો આનંદ અને ખુશી પ્રાપ્ત થશે તેમાં બેમત નથી.

આર્મ્સ એક્ટના ગુનામાં પાસ આગેવાન ગોપાલ ઈટાલીયાની ધરપકડ

સુરત

પાટીદાર અનામત આંદોલન સમિતિના આગેવાન અને સક્રિય કાર્યકર્તા ગોપાલ ઈટાલીયાની સુરત ક્રાઈમ બ્રાન્ચ અને આણંદ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. જોકે, ગોપાલ ઈટાલીયાની ધરપકડ ક્યાં ગુનામાં અને આણંદના ક્યાં પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવ્યો છે તે જાણવા મળ્યું નથી. જોકે, ગોપાલ ઈટાલીયાની આર્મ્સ એક્ટના ગુનામાં ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

પાટીદાર અનામત આંદોલનના નેતા ગોપાલ ઈટાલીયા હાર્દિક અને અલ્પેશની નજીકના લોકોમાં ગણતરી થાય છે. પાટીદાર અનામત આંદોલન દરમિયાન તેના વીડિયો મેસેજવાળા વીડિયો આગની જેમ વાઈરલ થયા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે, ગોપાલ ઈટાલીયા વિરુદ્ધ વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. જેમાં ઘણા સમયથી ફરાર હતો. જેથી ગુરૂવારે સુરત ક્રાઈમ બ્રાન્ચની મદદથી આણંદ જિલ્લા પોલીસે તેની ધરપકડ કરી હતી.અને આણંદ લઈ જવા રવાના થાય હતા.

યુવકને ચપ્પુના ઘા મારી લૂંટ ચલાવી ૩ શખ્સો ફરાર

સુરત

ખજોદ ખાતે સુરત ડાયમંડ બુર્સમાં કામ કરતા લેબર સુપરવાઈઝરને ચપ્પુના ઘા મારી લૂંટ ચલાવવામાં આવી હતી. નોકરી પરથી ઘરે જતા સમયે સુપરવાઈઝરને ત્રણેય જેટલા અજાણ્યા ઈસમોએ રોકી બેગ અને રૂપિયાની માંગણી કરી હતી. જોકે, સુપરવાઈઝરે આપવાની મનાઈ કરતા ચપ્પુના ઘા માર્યા હતા. હાલ સુપરવાઈઝરને સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.

મૂળ વેસ્ટ બંગાળનો રહેવાસી જોનીકુમાર નિર્મણભાઈ ઘોષ ખેજાદ ખાતે આવેલા ડાયમંડ બુર્સમાં લેબર સુપરવાઈઝર તરીકે કામ કરે છે. જોનીકુમારે જણાવ્યું હતું કે, ગત રોજ તેના મામાનું વતનમાં અવસાન થયું હોવાથી રાત્રે નોકરી પતાવી નીકળ્યો હતો. દરમિયાન ડાયમંડ બુર્સ નજીક જ ત્રણ બાઈક્સવારોએ ઘેરી લીધો હતો. અને બેગ, મેબાઈલ અને રૂપિયાની માંગણી કરી હતી. જોકે, ઈકરા કરતા ઝપાઝપી કરવા લાગ્યા હતા. દરમિયાન ત્રણ પૈકી એક ચપ્પુના ઘા મારવા લાગ્યો હતો. ત્યારબાદ ત્રણેય બે બેગ, મોબાઈલ અને ૧ હજાર રોકડા રૂપિયા લઈને ફરાર થઈ ગયા હતા. ચપ્પુથી હુમલો કરવામાં આવતા જોનીકુમાર લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. સાથી કામદારોની નજર પડતા ખાનગી એમ્બ્યુલન્સમાં જોનીકુમાર સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં જોનીકુમારના છાતી, પીઠ, હાથ અને પગમાં પાંચ જેટલા ઘા મળી આવ્યા હતા.

કુકરવાડા ગામમાં તસ્કરોએ ત્રાટકી લાખોની મત્તા સાથે બાઈકની ચોરી કરી પલાયન



ભરૂચ તાલુકાના કુકરવાડા ગામે શિયાળની ઠંડીમાં પરીવારો ઉઘતા રહ્યા અને તસ્કરોએ ચાર મકાનોમાંથી સફાયો કરી સોના ચાંદીના દાગીના અને એક મોટર સાયકલ મળી લાખોની મત્તા ઉપર હાથફેરો કરી જતા ગ્રામજનોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

કુકરવાડા ગામે શિયાળાની ઠંડીમાં લોકો ઉઘતા રહ્યા અને તસ્કરો ઉઘતા પરિવાજનોના ચાર મકાનમાં પ્રવેશી ઘરમાં રહેલા લોખંડના કબાટના તાળા તોડી તેમા રહેલ સોના ચાંદીના દાગીના અને રોકડા રૂપિયા મળી અંદાજીત લાખોની મત્તાની ચોરી થઈ હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું.

કુકરવાડા ગામે રહેતા વર્ષાબેનના મકાનમાંથી તસ્કરો સોનાની ચેન, બુટ્ટી મળી રોકડા ૭ હજારની તસ્કરી થઈ હોવાનું જણાવ્યું હતું. તો નજીકમાં જ રહેતા અલ્પેશના મકાનમાંથી પણ સોના ચાંદીના દાગીના રોકડા રૂપિયા મળી અંદાજીત ૭ થી ૮ લાખની ચોરી થઈ હોવાનું જણાવ્યું હતું અને કૈલાસબેનના મકાનને પણ તસ્કરોએ નિશાન બનાવતાં ૧૦ તોલા સોનું, રોકડા રૂપિયા મળી અંદાજીત ૩ થી ૪ લાખ ઉપરાંતની ચોરી થઈ હોવાનું જણાવ્યું હતું.

તસ્કરોએ મકાનને નિશાન બનાવ્યા બાદ ઘર આંગણે પાર્ક કરેલી એક મોટરસાયકલ પણ લઈ જતા ગ્રામજનોએ તાત્કાલિક ભરૂચ તાલુકા પોલીસને જાણ કરતા પોલીસે પણ ઘટના સ્થળની મુલાકાત લઈ અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુરતમાં જુદા જુદા બે સ્થળે તસ્કરો ત્રાટક્યા

સુરત

શહેરમાં ચોરીના બે બનાવમાં રૂ.૭૦ હજારની મતા ચોરાઈ હતી.

પ્રથમ બનાવમાં પુણા સીતાનગર ચોકડી પાસે આવેલ મહાદેવ મોબાઈલની દુકાનમાંથી અજાણ્યા વ્યક્તિએ મોબાઈલ ફોન કિંમત રૂ.૭૦૦૦ની ચોરી કરી ગયો હતો. બનાવ અંગે દુકાન માલિક કિશોર હકાભાઈ ઝીંઝાળાએ પુણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

બીજા બનાવમાં પાલનપુર પાટીયા ગુ.હા. બોર્ડના એક ઘરમાંથી અજાણ્યા ચોર રોકડા, સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૧૩૦૦૦ની મતા ચોરી ગયા હતા. બનાવ અંગે ઘર માલિક પ્રદીપ નટવરલાલ શાહે રાંદેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

કરોડોની સંપત્તિ છોડી કાપડ વેપારીની દીકરી સંયમનો માર્ગ અપનાવશે

સુરત

શહેરના કરોડપતિ કાપડ વેપારીની દીકરી સંયમનો માર્ગ અપનાવશે. સુરતના કરોડપતિ કાપડના વેપારીની દીકરી સંસારી મોહ માયા છોડી હવે સંયમનો માર્ગ અપનાવવા જઇ રહી છે. ૨૮મી જાન્યુઆરીએ આ દીકરી કરોડો રૂપિયાની સંપત્તિ છોડીને સંયમના માર્ગ પર જશે. મૂળ રાજસ્થાની અને હાલ સુરતના મજૂરાગેટ કૈલાસનગર ખાતે રહેતા અતુલ જૈન કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને તેમને સંતાનમાં એક દીકરી માનવી અને એક પુત્ર છે.

માનવી પહેલેથી જ લકઝૂરિયસ કાર તથા બ્રાન્ડેડ કપડાંની શોખીન છે. જો કે હવે માનવી લકઝૂરિયસ લાઈફ છોડીને સંયમનો માર્ગ અપનાવવા જઇ રહી છે. માનવી આચાર્ય ગુણરત્ન સૂરીના સાનિધ્યમાં મજૂરાગેટ સ્થિત નેમિનાથ ઉપાશ્રયમાં દીક્ષા લેશે. સંસારની મોહ-માયા ત્યાગીને માનવી જૈન હવે સંયમના માર્ગ પર ચાલશે.

માનવીએ જણાવ્યું હતું કે, સન્યાસી જીવન શ્રેષ્ઠ છે. મૃત્યુ બાદ પણ મનુષ્યને માત્ર દુઃખ જ મળે છે. જેથી આત્માના કલ્યાણ માટે દીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે. સંન્યાસી જીવન મને વધારે સારું લાગે છે. માનવીએ એમકોમનું રિઝલ્ટ સુદ્ધા જોયું ન હતુ. દીક્ષા લીધા બાદ માનવીને નવું નામ આપવામાં આવશે અને ત્યારબાદ જીવનભર માનવીને તે નામથી ઓળખવામાં આવશે. માનવીએ સંયમના માર્ગ પર ચાલવાનો નિર્ણય લીધો હતો, જેથી તેણીએ પોતાનું રિઝલ્ટ સુધ્ધા જોયુ નહોતું.

બીજી સ્ત્રી સાથે સંબંધ રાખતા પતિએ પત્નીને ચપ્પુ મારી દીધું

બીજી સ્ત્રી સાથે સંબંધ રાખવા બાબતે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતાં પતિએ પત્ની ઉપર ચપ્પુથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. કોસંબા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ માંગરોળ મોટા બોરસરા જમાઈ નગરીમાં રહેતો રાકેશ ગોમાન વસાવા બીજી સ્ત્રી સાથે સંબંધ રાખતો હોય આ અંગે ફરિયાદી પત્ની મીનાબેને સંબંધ રાખવાની ના પાડતા પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો હતો. જેથી પતિએ ઉશ્કેરાઈ જઈ અશ્લીલ ગાળો બોલી ચપ્પુથી હુમલો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. કોસંબા પોલીસે પત્ની મીનાબેનની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.











